॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥

# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭



**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**


વર્ષ : ૧૪ અંક : ૧૭૦ તા. ૧૫-૦૩-૨૦૨૪ કિંમત : રૂા. ૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH




## શ્રી પ્રભુદાસ નાગજીભાઈ બુધ્ધ અતિથિ ગૃહ જામનગર











Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com




## લેમીનેટ, વિનિયર, પ્લાયવુડ તથા લાકડાના હોલસેલ વેપારી

The Exclusive Display Gallery At:

ગેલેરી-1
સહકારી લાદી બજાર-2,
સન એક્રેલિકની બાજુમાં, ગીતા મંદિર ,
અમદાવાદ

ગેલેરી-2
F/2A, સપથ - 4,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાસે , N/r ક્રાઉન પ્લાઝા હોટેલ,
Opp. કર્ણાવતી ક્લબ, અમદાવાદ

હાર્દિક શેઠ : +91 97980 88888

સમાજ આપણું પ્રતિબીંબ છે.
જેવા આપણે એવો સમાજ.
તેજ સમાજના ફાયદા માટે હું પ્રતિબંધ છું.

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)

**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦

કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.



આદરણીય વહાલા સુજ્ઞ જ્ઞાતિજનો

આપ સર્વે ક્ષેમકુશળ હશો તેવી અપેક્ષા રાખું છું.

તા. ૦૭-૦૧-૨૦૨૪ ના નવમ્ યુવક-યુવતીઓના પરિચય મેળાની ભવ્ય સફળતા બદલ ભાગ લેનાર તમામ યુવક-યુવતીઓને હાર્દિક અભિનંદન. આ પરિચય મેળા બાદ પરિચય પુસ્તિકા આધારે યુવક-યુવતીઓના વાલીઓ તરફથી મનપસંદ અને યોગ્ય પાત્રની પસંદગી માટે પૂરજોશમાં ગતિ વિધિ ચાલુ થયેલ છે. તે જાણી આ પરિચય મેળાની સિધ્ધી માટે ગર્વની લાગણી અનુભવું છું. સર્વે યુવક-યુવતીઓને આ દિશામાં સફળતા મળે તે માટે પુનઃ શુભેચ્છાઓ પાઠવું છું.

ચાલુ મહિનાની તા. ૧૧-૦૩-૨૦૨૪ ના રોજથી શરૂ થનાર બોર્ડની ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦) અને હાયર સેકન્ડરી (ધોરણ-૧૨) ની પરીક્ષાઓમાં પરીક્ષા આપનાર સમગ્ર કંસારા જ્ઞાતિના તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન અને આ તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પર મા સરસ્વતી માતાજીની કૃપા બની રહે અને તેઓએ વર્ષ દરમિયાન કરેલ અથાગ મહેનતની સફળતા મળે અને તેઓના ભાવિ જીવનની ઉજ્જવળ કારર્કીદી બનાવી. ઉજ્જવળ ભવિષ્ય પ્રાપ્ત કરે તેવી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

હાલનો અંક સમસ્ત કલ્યાણી મહિલા ટ્રસ્ટ દ્વારા મહિલા સમર્પિત અંકની સફળતા બદલ આ ટ્રસ્ટની તમામ બહેનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

સર્વે જ્ઞાતિજનોને જયશ્રી કૃષ્ણ, જય માતાજી, જય ગોપાલ, જય સ્વામિનારાયણ, જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**



# સફળતાની સંગે

-પ્રો. ડો. વર્ષા બેન આર. સોલંકી,
ડેપ્યુટી ડાયરેક્ટર-યુ.જી., આઈ. ટી. આર. એ., આયુષ મંત્રાલય,જામનગર.

સ્વામી વિવેકાનંદ કહે છે કે, “Arise, Awake and stop not till, the Goal is reached”, મતલબ કે ‘‘ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો.’’ આ વાક્યમાં ધ્યેયનું મહત્વ મુખ્ય છે. ક્યારેક આપણે વિચારવું જોઈએ કે સ્વામી વિવેકાનંદે આવું શા માટે કહ્યું ? કેમકે, જેના જીવનમાં ધ્યેય નથી તેના જીવનમાં સફળતા નથી અને સફળતા વગરનું જીવન નિરર્થક છે. માટે, સફળતા પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનાર વ્યક્તિ એ સફળતાની સીડી ચડવા માટે નાના નાના ધ્યેય કે લક્ષ્ય બનાવવાની શરૂઆત કરાવી જોઈએ, એક પછી એક પર ધ્યાન કેન્દ્રિત કરતા જવું જોઈએ, જેથી ધીમે ધીમે તે મોટી જીત હાંસલ કરવામાં ઉપયોગી બને છે.

કામયાબી છે તે સવાર જેવી હોય છે જે માંગવાથી નથી મળતી પણ જાગો ત્યારે મળે છે. માટે, સ્વામી વિવેકાનંદના આ વાક્ય માં ધ્યેય પ્રાપ્તિ માટેનો જે રસ્તો બતાવ્યો છે તે જાગવા માટેનો બતાવ્યો છે. તો, આ માટે આપણે શું કરવું જોઈએ ? તમારા નાના નાના સપનાઓ છે તેને લક્ષ્ય બનાવો અને તેને પગથીયા સમજીને તેના પર ચઢી જાઓ તો તમને સફળતાનો નકશો મળશે અને જયારે આ રસ્તા ઉપર મહેનત કરશો ત્યારે તે વાસ્તવિકતામાં પરિવર્તિત થઇ જશે. જીંદગી એક વહેતા ઝરણા જેવી છે, જેમાં અનેક તક મળે છે પરંતુ, એ તમારા ઉપર છે કે તમે નાની તક ઝડપવાનું પસંદ કરો છો કે મોટી તક. ઈશ્વરે તમારા માટે નાનાં, મોટાં, સારા, ખરાબ ઘણાં રમકડાં બનાવ્યાં છે, પરંતુ પસંદગી તમારી છે કે તમારે સારા રમકડાં થી રમી ને ખુશ થવું છે કે ખરાબ રમકડાં થી રમી ને દુઃખી થવું છે. આ માટે હંમેશા સારા, મોટાં અને ઊંચા ધ્યેય નું સપનું લઇને રાત્રે સુવો અને ઉઠો ત્યારે લક્ષ્ય સાથે ઉઠો અને તેને પૂર્ણ કરવા માટે સતત મહેનત કરવા લાગી જાવ, તો સપના સાચાં થઈ જશે.

સમાજમાં જોઈએ તો અનેક લોકોને સપનાઓ તો ઘણાં હોય છે, પરંતુ, તેઓને અંદરથી હારવાનો ડર બેસેલો હોય છે. અરે, જીતનારા એને ન કહેવાય કે જે કોઇ દિવસ હારતા નથી, પરંતુ જીતનારા એને કહેવાય જે ક્યારેય મેદાન છોડતા નથી. જયારે તમે રમવાનું છોડી ધો, તમારા પ્રયત્નો છોડી ધો એ જ મોટી હાર છે. હું તમને કહું કે મુશ્કેલીઓ તો જીવનમાં આવવીજ જોઈએ, જેટલી વધુ મુશ્કેલીઓ આવશે તેટલું નવું નવું કૌશલ્ય શીખવી ને જશે. જેટલી વાર મુશ્કેલીઓ થી લડો તેટલો આપનો સંકલ્પ મજબૂત બનશે. આ રીતે મળેલી જીત એક નશા જેવી હોય છે જે વારંવાર જીત મેળવવા માટેનું શક્તિશાળી સાધન બની જશે. માટે, આફતની સાથે લડવા તૈયાર થઈ જાવ અને આફત ને અવસર માં બદલવાની કળા શીખી લ્યો. તમારું આમૂલ જીવન બદલાય જશે. થોમસ એડીસને ઈલેક્ટ્રિક બલ્બ બનાવ્યા પહેલાં હજાર વાર તેનો પ્રયોગ કરેલો હતો. “Practice makes man perfect.” તમને વર્લ્ડડીઝની ની બનેલી હકીકત કહું તો તેમના માલિકે જાત જાતના ધંધા કર્યા અને બંધ કર્યા. આમ, તેઓએ અનેક મુશ્કેલીનો સામનો કર્યો. પરંતુ, અંતે મીકી માઉસનું કાર્ટુન બનાવીને બીલીયન ડોલરની કંપની બનાવી દીધી જેનું વિશાળ ફલક આજ પણ આપણી સામે છે.

કોઇ એવું માનતું હોય કે હવે તો મારી ઉંમર જતી રહી છે તો મારે અને સફળતા ને ગાઉ નું છેટું પડી ગયું તો હું કહીશ ના એ સત્ય નથી. ચંદ્રો તોમર તથા પ્રકાશ તોમર ગામડાની બે સ્ત્રીઓએ કેટલી મોટી ઉમરે શુટિંગમાં પ્રસિદ્ધિ મેળવી. વિશ્વ કક્ષાએ જો આપણે આવું ઉદાહરણ જોઈએ તો વર્લ્ડ ફેમસ KFC ના માલિકે ૬૫ વર્ષની ઉંમરે પોતાનો ધંધો શરુ કરવાનું વિચાર્યું અને કેટલાય સઘન પ્રયત્નો પછી પોતાની કંપની ની સ્થાપના કરી. આજે પણ તેઓ અરબો-ખરબો રૂપિયા કમાય છે. માટે, લક્ષ્યાંક નક્કી કરવાની કોઇ ઉમર નથી હોતી. હમેંશા તમારા સપનાઓને ડર અને મુશ્કેલીથી મોટા બનાવો, તમારી મહેનતને તમારા શબ્દોથી મોટી બનાવો અને તમારા વિશ્વાસને તમારી ભાવનાથી અનેકગણી મજબૂત બનાવો.

વિશ્વાસ છે તે આપણા જીવનમાં સફળતા મેળવવા માટે મહત્વનું સોપાન છે. અહીં વિશ્વાસ એટલે કે આત્મ વિશ્વાસ, પોતાના ઉપર નો ભરોસો. નિર્મલા સીતારામ કહે છે કે, જીંદગીમાં ઉતાર- ચડાવ તો ચાલ્યા જ આવશે, તેનાથી ગભરાવ નહીં, પરંતુ તેને જાણો અને નક્કી કરો કે મારા માટે આ અંતિમ મુશ્કેલી જ છે.

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

તમે તમારી જાતને પોત્સાહિત કરો, મુશ્કેલીઓ સામે પડકાર કરો કે આજ મારો દિવસ ભલે ખરાબ છે પરંતુ કાલે સારોજ હશે અને મારા માટે જ ઉગશે. આવી સકારાત્મક સોચ છે તેજ વ્યક્તિને કાયમ પ્રોત્સાહિત અને મજબૂત બનાવે છે. ભગવાન બુધ્ધ જેવા ધર્મગુરુ પણ કહે છે કે આ જગતમાં આપણી સાથે બનનારી દરેક ઘટનાઓ આપણા જ મનનું પ્રતિબિંબ છે. માટે, જો કોઇ પરિસ્થિતિ બદલવી હોય તો પહેલા મનને બદલાવો, તો આસપાસની પરિસ્થિતિ સ્વયં બદલાઇ જશે. માટે જ, એવું કહેવાય છે કે, માણસનો મોટો શત્રુ પણ આપણું મન છે અને મોટો મિત્ર પણ આપણું મન છે, અને આ મન ઉપર વિજય મેળવવા માટે જ યોગ, પ્રાણાયમ, ધ્યાન વગેરેની મદદ લેવી જોઈએ, જે આપણા શાસ્ત્રોનો સાર છે. આપણા શાસ્ત્રો યુધ્ધમાં પણ લોકોને ઉભા કરી દે છે અને યુધ્ધ પછી ની ભયાવહ શાંતિમાં પણ નવનિર્માણ કરતાં કરી દે છે. આ કળા પાછળ નું મોટું વિજ્ઞાન સુષુપ્ત મનનું છે. યોગ, પ્રાણાયામ, ધ્યાન, ધારણા વગેરે દ્વારા આપણું સુષુપ્ત મન મેગ્નેટાઈઝડ થાય છે. જેવી રીતે લોખંડ ના સળિયાને મેગ્નેટાઇઝ કરીએ તો તે પોતાનાથી ૧૦ ગણા વજનને ઊંચકી લે છે, તેવી રીતે યોગિક પ્રક્રિયા દ્વારા વ્યક્તિની શક્તિ મેગ્નેટાઇઝ થઇ તે અનેક ગણું કામ કરી શકે છે. ભગવાન શ્રી કૃષ્ણ એ ગોવર્ધન પર્વત ઉપાડયો જ હતો ને તે કેવી રીતે બન્યું ? શારીરિક શક્તિ થી? નહીં નહીં, માનસિક શક્તિ થી. જેને જીવન માં આ કળા આવડી ગઇ છે તે કાયમ જીત ના શિખર પર રહે છે. એટલેજ તો, બધા નિષ્ફળ પ્રયત્નો છોડીને તમારી જાત માં તમારી મહેનતનું રોકાણ કરો તે જ તમને સૌથી વધુ નફો આપશે. જીતનાર વ્યક્તિ સાધારણ વ્યક્તિ જ હોઈ છે, પરંતુ તેનો વિચક્ષણ વિચાર, તેની આસ્થા અને વ્યક્તિની ધગશ જ તેને વિશેષ બનાવે છે.

ધીરજ, વિચારોની દ્રઢતા અને કડી મહેનત જ માણસને સફળ બનાવે છે. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડો. અબ્દુલ કલામ પણ ઊંચો ધ્યેય, પ્રયાસ જ્ઞાન, ખંત અને સખત મહેનત ને સફળતાના સોપાન દર્શાવે છે. આ તકે આપણે આપણા દેશના વર્તમાન પ્રધાનમંત્રીજી માનનીય મોદીજી ને પણ કેમ ભૂલી શકાય ? એતો વર્તમાન સમય ના ભગવાન કૃષ્ણ જેવા છે. જેમ ગોકુળનો ગોવાળિયો ભારત વર્ષ નો મહાન સમ્રાટ બન્યો તેવી જ રીતે જ રીતે વડનગરની ચા ની લારી માંથી દેશના વડાપ્રધાન બન્યા આ કઈ ઓછી સિધ્ધી કહેવાય ? આથી મોટી પ્રેરણાદાયી બાબત અને આદર્શ વ્યક્તિત્વ બીજું કયું હોય શકે ?

મારી પ્રગતિમાં ઘણાં બધા લોકો અને વસ્તુ, સ્થિતિ અને પરિસ્થિતિઓ પ્રભાવી રહી. પૂજ્ય શ્રી શ્રી રવિશંકર ગુરુજી ના સીધા માર્ગદર્શનમાં રહી ને મારા મન ને કેળવવાનો મોકો મળ્યો. એવા આદર્શ લોકો મળ્યા જેનું જીવન જ એક સંદેશ હતો. તેઓ ને મેં જોયા, જાણ્યા અને સમજ્યા, તેનું અનુસરણ કર્યું, અને સફળતા ના શિખર સર કર્યા. એમાંના કેટલાક પગથીયાઓ અત્રે મેં પ્રસ્તુત કર્યા છે. આશા છે કે, તેને કેડી ની જેમ કંડારીને આપ પણ જરૂર સફળતા મેળવશો. અસ્તુ.



## હૃદયપૂર્વક આભાર

● સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજનો માર્ચ-૨૦૨૪ નો અંક મહિલા વિશેષાંક તરીકે પ્રસારીત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. જેમાં કાર્યકારી પ્રમુખશ્રી સી.કે. કંસારા, મંત્રીશ્રી મેહુલભાઈ ખાખી અને શ્રી ભરતભાઈ શેઠનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

● જાહેર નિવિદાની માહિતીને આધારે સમાજની ૩૫ જેટલી બહેનોએ મહિલા દિન નિમિત્તે સુંદર લખાણો મોકલીને સાથ સહકાર આપ્યો છે તે બદલ આભાર વ્યક્ત કરીએ છીએ.

● બહેનોએ પોતાના વિચારોના લખાણ રજુ કર્યા છે તેમને જણાવવાનું કે એક જ અંકમાં બધા લખાણો રજૂ કરી શકાય તેમ ન હોવાથી દરેક મહિનાના અંકમાં બાકીના લખાણો (ક્રમશઃ) પ્રસીધ્ધ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

- સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ



# 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः

- रेखा कंसारा - शिक्षाविद - समाज सेवी बांसवाड़ा ( राजस्थान )

सम्पूर्ण विश्व में भारत भूमि ही वह स्थान है जहां देव रमण करने आते है। सनातन संस्कृति के संवाहक भारत वर्ष में ऐसा माना जाता है कि जहां नारियों की पूजा की जाती है वहीं देवता निवास करते है। हम सदैव नारी के मातृ स्वरूप की वंदना करते है। भारतीय संस्कृति में तो नारी ही सृष्टि की समग्र अधिष्ठात्री है। पूरी सृष्टि ही नारी है, क्योंकि इस सृष्टि में बुद्धी, निद्रा, सुधा, छाया, शक्ति, तृष्णा, जाति, लज्जा, शांति, श्रद्धा, चेतना और लक्ष्मी जैसे अनेक रूपों में नारी ही व्याप्त है। इसी पूर्णता से नारियां भाव - प्रधान होती हैं। उनमे सदैव हृदयेशु बुद्धी तत्व प्रभावी रहता है। नारी कभी भी बुद्धी से नहीं सोंचती है, उसके सभी निर्णय मन यानी हृदय से करती है। उसकी ये प्रकृति ही उसे सदैव सम्माननीय, पूजनीय और वंदनीय बनाती है।

किन्तु वर्तमान परिदृश्य कुछ अलग ही नजर आता है। आज नारी समानता और स्वतंत्रता के नाम पर स्वच्छन्द होती जा रही है। शिक्षा के नाम पर, आधुनिकता के नाम पर, महिला सशक्तिकरण के नाम पर समाज में केवल और केवल कुसंस्कार ही जन्म ले रहे है। उसे ना तो अपने माता-पिता के सपनों की चिंता है ना ही कुल के गौरव और समाज की चिंता है। पश्चिम की चकाचौंध में वह अपने कुल की मर्यादा और स्त्रियोचित संस्कार भूलती जा रही है। इसका सबसे बुरा प्रभाव हमारी परिवार संस्था पर पड़ा है। परिवार व्यवस्था हमारी सामाजिक व्यवस्था का आधार स्तंभ था। स्त्री और पुरुष इसके दो पहिये थे। परिवार को सुचारू रूप देने में दोनों की भूमिका अत्यंत महत्वपूर्ण थी। समय के साथ मानवीय विचारों में बदलाव आया है। ये बदलाव कई पुरानी परंपराओं, रूढ़िवादिता एवं अज्ञान के समापन के नाम पर हुआ है। महिलाएं अब घर से बाहर आने लगी हैं, कदम से कदम मिलाकर सभी क्षेत्रों में अपनी धमाकेदार उपस्थिति दे रही हैं, अपनी इच्छा शक्ति के कारण सभी क्षेत्रों में अपना परचम लहरा रही हैं। किन्तु इस के लिए महिलाओं ने अपनी मर्यादा और संस्कारों की बली चढ़ा दी है। आज समाज में पवित्र वैवाहिक बंधन बोझ माना जाता है। स्वतंत्रता के नाम पर परिवार, समाज और माता पिता की अवज्ञा करके मनमाफिक विवाह करना इस समय की सबसे बड़ी त्रासदी बन गई है। परिवार से विद्रोह करके विवाह करने वाली कन्याओं के उनके जीवन साथी द्वारा शोषण, प्रताड़ना आम बात है और कभी कभी तो ये प्रताड़ना हत्या तक पहुँच जाती है।

माँ, बहन, बेटी के रूप में वंदनीय नारी को अपने गौरवशाली अतीत को पहचानना पड़ेगा। उसे अपनी प्रत्येक भूमिका के साथ न्याय करना पड़ेगा। विशेषकर बेटी की भूमिका का निर्वहन उसे संस्कारों और मर्यादाओं के देहरी में रहकर ही करना पड़ेगा। आज समाज और राष्ट्र के समक्ष कई गंभीर चुनौतियां है। जिसमें परिवार और विवाह संस्था को बचाना प्रमुख है। किसी भी राष्ट्र में यदि परिवार विखंडन की स्थिति में है और संतति संस्कारहीन अमर्यादित आचरण में लिप्त है तो वह राष्ट्र नैतिक रूप से दिवालिया हो जाता है तथा उस पर उप संस्कृति हावी हो जाती है और कालांतर में उस राष्ट्र की सामाजिक और राजनैतिक व्यवस्था चरमरा जाती है। चारों तरफ अराजकता का वातावरण बन जाता है। आज जब हम पश्चिम की तरफ देखते है तो सारा समाज सनातन मूल्यों को अपने जीवन में धारण कर रहा है। खान-पान, रहन-सहन और वेश-भूषा में भी वो हमारी साड़ी और धोती को अपना रहे है जबकि हमारी संतति फटी जींस, टीशर्ट और आधे अधूरे शरीर को ढकते वस्त्र पहन रहे है। इसलिए ऐसे समय में नारी शक्ति का दायित्व बढ़ जाता है। उसे राष्ट्र और समाज के निर्माण में अपनी सकारात्मक भूमिका निभानी पड़ेगी।

नारी के बिना मनुष्य जीवन की कल्पना भी नहीं की जा सकती। नारी पुरुष से किसी भी मामले में काम नहीं है। हमारे देश की लगभग आधी। जनसँख्या का प्रतिनिधित्व महिलाएं करती है। इसलिए नारी को अपनी क्षमता को पहचानना पड़ेगा यदि उसने अपनी क्षमता पर ध्यान नहीं दिया तो हमारा देश कभी प्रगति नहीं कर पाएगा। नारी को यह बात समझनी होगी की अगर वह अनपढ़ होते हुए भी घर इतना अच्छा संभाल लेती है तो पढ़ी लिखी महिला समाज और देश को

(અનુ. પેજ નં. ૧૧ ઉપર)

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ  પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

# જામનગર : શ્રી મારુ કંસારા ફાઉન્ડેશન ટ્રસ્ટ નિર્મિત શ્રી પ્રભુદાસ નાગજીભાઈ બુધ્ધ અતિથિ ગૃહનું વાસ્તુ પૂજન અને ઉદ્ઘાટન સમારોહ યોજાયો

તા. ૨૨-૦૨-૨૦૨૪ ગુરુવારે ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતીના પાવન દિવસે જામનગરમાં ''શ્રી મારું કંસારા ફાઉન્ડેશન ટ્રસ્ટ'' દ્વારા નિર્માણ પામેલ ''શ્રી પ્રભુદાસ નાગજીભાઈ બુધ્ધ અતિથિગૃહ'' ના વાસ્તુ પૂજન તથા શુભ ઉદ્ઘાટન સાથે સમુહ જ્ઞાતિ ભોજન બાદ શ્રીનાથજી પુષ્ટિ વિલાસ રાસોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જામનગર ઉપરાંત રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ, પૂના, જૂનાગઢ, કેશોદ, ગોંડલ, પોરબંદર, મીઠાપુર સહિત અનેક શહેરોનાં જ્ઞાતિજનો તથા સમાજની અનેક સંસ્થાઓના હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કંસારા પ્રાણજીવનભાઈ દુર્લભજીભાઈ બુદ્ધ પરિવાર અને કંસારા પ્રભુદાસભાઈ નાગજીભાઈ બુદ્ધ પરિવાર દ્વારા ટ્રસ્ટને વર્ષ ૨૦૨૧ માં ભૂમિદાન બક્ષીસ દ્વારા પ્રાપ્ત થયેલ વિશાળ પ્લોટ પર આલીશાન ભવનનું સુંદર નિર્માણ કરવામાં આવ્યું છે. સર્વે ટ્રસ્ટીશ્રીઓ તથા મારુ કંસારા જ્ઞાતિના અગ્રણીઓ દ્વારા તે નવનિર્મિત ભવનને ''શ્રી પ્રભુદાસ નાગજીભાઈ બુધ્ધ અતિથિગૃહ'' તરીકે નામકરણ કરવા માં આવેલ. અતિથિગૃહ નિર્માણનિધીમાં મુખ્ય બંને ભુમિદાતા પરિવારો દ્વારા ભૂમિદાન ઉપરાંત વિશેષ અનુદાન પણ જાહેર થતાં જ સર્વે જ્ઞાતિજનો માં ગૌરવ અને આનંદની લાગણી પ્રસરતા સમાજના અનેક દાતા પરિવારો તરફથી પણ ટ્રસ્ટ ને તન મન ધન થી સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૪ માં પણ ઉપરોક્ત બંને ભૂમિદાતા પરિવારો તરફ થી રહેણાંક હેતુના બે વિશાળ પ્લોટો સંસ્થાને પડતર ભાવે આપવામાં આવેલ જે જગ્યા એ ટ્રસ્ટ દ્વારા ''એચ. ડી. બુધ સાંસ્કૃતિક ભવન'' ની વિશાળ ઈમારતનું નિર્માણ કરવામાં આવેલ હતું.

ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયેલા આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પધારેલા સાંસદ શ્રી પૂનમબેન માડમ દ્વારા વક્તવ્ય આપતા જણાવવામાં આવેલ કે મારૂ કંસારા સમાજ સંખ્યાની દ્રષ્ટિએ ખૂબ જ નાનો કહેવાય પણ મોટા મોટા સમાજને પણ પ્રેરણાદાયી થાય તેવી રીતે જ્ઞાતિ વડીલો ની દીર્ઘ દર્ષ્ટી અને દાતા પરિવારોના સત્કાર્યો થી સંપ અને શિસ્ત થકી પ્રગતિ ના એક પછી એક સોપાનો સર કરી રહ્યો છે અને વડાપ્રધાન મોદીજીના સબકા સાથ સબકા વિકાસ ના સંદેશ ને ચરિતાર્થ કરી રહ્યો છે.

ઉપરોક્ત સમારોહ માં ધારાસભ્ય શ્રી દિવ્યેશભાઈ અકબરી અને શ્રી રીવાબા જાડેજા, મેયર શ્રી વિનોદભાઈ ખીમસુરીયા, સ્ટે.કમિટી ચેરમેન શ્રી નિલેશભાઈ કગથરા, ડે.મેયર શ્રી ક્રિષ્નાબેન સોઢા, શહેર ભાજપ પ્રમુખ ડૉ.વિમલભાઈ કગથરા, મહામંત્રીઓ શ્રી પ્રકાશભાઈ બાંભણિયા અને શ્રી વિજયસિંહ જેઠવા વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી હિતેશભાઈ પોમલ દ્વારા સંસ્થાના સમાજ ઉપયોગી કાર્યોની માહિતી આપતા જણાવવામાં આવેલ કે સાંસ્કૃતિક ભવનના વપરાશ થકી ઉભી થતી આવકમાંથી સમાજના અનેક વિદ્યાર્થીઓને નિર્વ્યાજ લોન, સ્કોલરશીપ, ઈનામો વગેરે દ્વારા કેળવણી ઉત્તેજન, મહિલા ઉત્કર્ષ તથા સમાજના સર્વાંગી વિકાસ માટે અનેક ઉપયોગી કાર્યો કરવામાં આવે છે. તેવી જ રીતે ભવિષ્યમાં અતિથિગૃહની આવક પણ સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થી કેળવણી ઉત્તેજન માટે તથા સમાજ ઉપયોગી કાર્યો માટે કરવામાં આવશે.

આ સમારોહના અંતે યોજાયેલ શ્રીનાથજી પુષ્ટિ વિલાસ રાસોત્સવમાં જ્ઞાતિ ના અનેક યુવાનો અને મહિલાઓએ આનંદ ઉત્સાહભેર ભાગ લઈને આ શુભ દિવસ ની સામૂહિક ઉજવણીને હંમેશા માટે યાદગાર બનાવી હતી.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ફાઉન્ડેશન ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રમુખશ્રી કિશોરભાઈ બુધ્ધ, ટ્રસ્ટી ખજાનચી શ્રી કિરીટભાઇ બુધ્ધ, નવ નિયુક્ત મંત્રી શ્રી એડવોકેટ પિયુષભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ કારોબારી સભ્યો અને જ્ઞાતિના અનેક કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.



# "નારી એક ભૂમિકાઓ અનેક"

- ધારા રવજીભાઈ બારમેડા
(સહાયક અધ્યાપક, શ્રીમતી વી.ડી, ઠંક્કર બી.એડ. કોલેજ ગાંધીધામ)

મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું છે કે,

**'યત્ર નાર્યેસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા'**

અર્થાત જ્યાં નારીઓની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે.

આમ, પૌરાણિક ગ્રંથોમાં નારીઓનું મહત્વ સવિશેષ દર્શાવવામાં આવ્યું છે અને દેવી-દેવતાઓમાં પણ નારી પૂજનીય સ્થાન ધરાવે છે. અરે, માટે જ આપણે સૌ 'રાધા કૃષ્ણ' કહીએ છીએ નહીં કે 'કૃષ્ણ રાધા', શિવ મંદિરમાં પણ શિવલિંગથી ઊંચું સ્થાન પાર્વતીજી અને ગંગામૈયાનું જોવા મળશે. માટે પ્રશ્ન થાય કે આવું શા માટે નો પ્રત્યુત્તર રૂપે મળશે કે નારી શક્તિનો મહિમાં જ અપાર છે અને આજની ૨૧મી સદીમાં તો નારીના વિવિધ રૂપો આપણી સમક્ષ વિધ વિધ ક્ષેત્રોમાં મહિલાઓની ભૂમિકા સ્વરૂપે રજૂ કરી શકાય એવા છે.

કહેવાય છે કે સમાજરૂપી રથના ગાડાના મુખ્ય બે પૈડાં છે એક પુરુષ અને બીજી સ્ત્રી. આ બંને દ્વારા જ જીવનનું ગાડું સારી રીતે ચાલી શકે છે. એમાં પણ જો છેનું યોગદાન વધુ મહત્વનું છે એવું પુછવામાં આવે તો જરૂરથી જવાબ સ્વરૂપે 'સ્ત્રી' જ છે મળશે (ભલે પછી એ યોગદાન ૫૧% અને ૪૯% હોય..!) હવે પ્રશ્ન થાય એ વળી કઈ રીતે..!! તો આવો મહિલાઓની વિવિધ ક્ષેત્રોમાં ભૂમિકા જાણી એ દ્વારા સ્વીકારવાનો પ્રયાસ કરીએ.

**કૌટુંબિક ક્ષેત્ર :-**

પ્રથમ વાત કરીએ કૌટુંબિક ક્ષેત્રની તો મહિલાઓની મુખ્ય ભૂમિકા જો કોઈ ક્ષેત્રમાં જોવા મળતી હોય તો એ છે કુટુંબ જીવન. એક મહિલા કૌટુંબિક જીવનમાં એક દીકરી,બહેન, પત્ની, માતા, જેવી વિવિધ ભૂમિકાઓ નિભાવે છે. આપણા કર્ણપટલ પર હંમેશા એક વાતે દસ્તક આપેલી જ છે કે 'એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે' ત્યારે જરૂરથી કહી શકાય કે પ્રથમ તો એક માતા જ દેશના ભાવિ નાગરિકોનો ઉછેર કરે છે. તેને ઘડવા માટેની એક મહત્વની ભૂમિકા ભજવે છે. આપણે સૌએ રામાયણ વાંચી હશે, સાંભળી હશે કે જોઈ હશે અને તેમાં આવતું એક માતાનું પાત્ર જેમનાથી આપણે સૌ પરિચિત જ છીએ એવા માતા સીતા. હવે એમની જ વાત કરું તો ગર્ભધારણ સમય દરમિયાન વનમાં તેમણે અનેક દુઃખ વેઠ્યા. લવ-કુશના જન્મ પશ્ચાત પણ અનેક દુઃખો વેઠ્યા એ આપણે સૌ જાણીએ છીએ તેમ છતાં સીતા માતાએ પુત્ર લવ અને કુશ સમક્ષ ક્યારેય રામ ભગવાન વિશે ઘટતી વાત નહતી કરી. તેમણે એક આદર્શ માતા તરીકેની ભૂમિકા ભજવી. સંતાનોને એવા સંસ્કાર આપ્યા કે તેમને ક્યારેય પોતાના પિતા પ્રત્યે રાગ કે દ્વેષનો ભાવ ઉભો ન થવા દીધો. અરે, વનમાં રહીને જ સંતાનોને આત્મ નિર્ભર બનવાની પ્રેરણા આપી, વડીલોનો આદર સત્કાર કરવાની શિક્ષા આપી. આમ જરૂરથી કહી શકાય કે એક માતા દેશને સુસંસ્કારી સંતાનો આપે છે.

આ ઉપરાંત મહિલા એક 'પત્ની' તરીકેની ભૂમિકા પણ ખૂબ સારી રીતે નિભાવે છે.જેનો ઉત્તમ ઉદાહરણ આપું તો રાષ્ટ્રપિતા ગાંધીબાપુની સફળતા પાછળ તેમના પત્ની કસ્તુરબાનો સાદ હતો જ. ઉપરાંત જ્યોતિબા ફૂલે વિટોના વાંચનમાં જરૂરથી તેમના પત્ની સાવિત્રીબાઈ ફૂલેના સાથનો ઉલ્લેખ જોવા મળશે અને માટે જ અમસ્તું થોડીને કહેવાયું છે કે, "એક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે.'

**ધાર્મિક ક્ષેત્ર :-**

એવી ઘણી પરંપરાઓ છે જે એક મહિલા પોતાના સંતાનોને શીખવે છે. ધાર્મિક પૂજા પાઠ દ્વારા નારી સંતાનોમાં આધ્યાત્મિકતાના બીજ રોપે છે. એક ઉદાહરણ આપું તો શ્રાદ્ધ પક્ષના સમયે મહિલાઓ બ્રાહ્મણ જમાડે, કાગવાસનું રાંધે, જે આવનાર પેઢીને પોતાના પૂર્વજોને યાદ કરી આદરભાવ આપવાનું શીખવે છે.

**સામાજિક ક્ષેત્ર :-**

કહેવાય છે કે "પરિવર્તન સંસાર કા નિયમ હૈ" પરંતુ કેટલાક પરિવર્તનો સમાજ સ્વીકારવા તૈયાર જ થતું નથી. (પછી ભલે ને તે યોગ્ય હોય..!) એવા સમયે સુધા મૂર્તિ, મધર ટેરેસા, બચેન્દ્રી પાલ, હંસા મહેતા, સુષ્મા સ્વરાજ, કિરણ બેદી, અરે એ

શુભેચ્છક : હીરાબેન કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
વસંતભાઈ પાવાગઢી, વડોદરા.

યાદી તો ખૂબ જ લાંબી અને લચકદાર બને એમ છે. આવી મહિલાઓ સમાજમાં ઘર કરી ગયેલા ખોટા રીત રિવાજો, પરંપરાઓ કે જે સ્ત્રીના વિકાસમાં બાધારૂપ બને છે તેને જળમૂળથી ઉખેડવા માટે ઉપરોક્ત મહિલાઓનું યોગદાન અને તેમનું કાર્ય એક ઉત્તમ અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે અને એવું જ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે માધાપરની વિરાંગનાઓનું કે જેમણે ૧૯૭૧ માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ વચ્ચે ભુજની હાઈપદીનું સમારકામ કરી શ્રી પ્રાપ્તિનો પરિચય આપણને સૌને અપાવ્યો છે.

**રાજકીય ક્ષેત્ર :-**

વાત કરું દેશના રાજકીય ક્ષેત્રે મહિલાઓની ભૂમિકાની તો ઈન્દિરા ગાંધી, જય હાર્દિના, પ્રતિમા પાટીલ, માનદીબેન પટેલ, નિર્મલા સીનારામન જેવી મહિલાઓ પોતાની શક્તિની મર્યાદાને ઓળંગીને આપણી સમક્ષ પ્રેરણા રૂપે ઉદાહરણ બની છે. આજે મહિલા પુરુષ સમોવડી બનીને ઉભી છે ત્યારે તમામ ક્ષેત્રમાં તેમની પ્રતિભાઓ નીખરી છે.

અંતે મારી કલમને વિરમાવતા બે પંક્તિ રજૂ કરીશ.

**"જો નારી ધારે તો તારે અને જો ધારે તો મારે,**
**જીવે એક જ જિંદગી અને બે ઘરને સંવારે."**

**કેસૂડાંની કળીએ બેસી ફાગણિયો લહેરાયો**
**આવ્યો ફાગણિયો... રૂડો ફાગણિયો**
**કેસૂડાં નીપ રંગ ભરી પિચકારી ઊડે હૈયે હરખ ન માયો,**
**અબીલ ગુલાલ-ગગનમાં ઊડે વ્રજમાં રાસ રચાયો**
**હો આવ્યો... ફાગણિયો... રૂડો ફાગણિયો**

**કેસૂડાં ની લહર-લહર લહરાતો ફાગણ ફૂલડે ફોરમ લાયો,**
**કોકિલ કંઠી કોયલડી એ ટહૂકી ફાગ વધાયોપ**
**હો આવ્યો... ફાગણિયો... રૂડો ફાગણિયો**

**કેસૂડાંની પાને પાને ફૂલડાં ધરિયાં ઋતુ રાજવી આયો,**
**સંગીતની મહેફિલો જામી વસંત-બહાર ગવાયોપ**
**હો આવ્યો... ફાગણિયો... રૂડો ફાગણિયો**

**કેસૂડાંની રંગોની ઉજાણી ઊડે કેસૂડો હરખાયો,**
**ચેતનના ફુવારા છૂટ્યા, હોરી ધૂમ મચાયો**
**હો આવ્યો... ફાગણિયો... રૂડો ફાગણિયો**

**આપ સર્વ વૈષ્ણવને ફાગણ માસના જય શ્રીકૃષ્ણ**

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Tirth Diyangbhai Kansara |
| Birth Date | : 07-07-1995 |
| Birth Time | : 02-56 PM |
| Birth Place | : Visnagar |
| Height | : 5'8" |
| Weight | : 72 KG |
| Education | : M.B.A. (International Business) |
| Occupation | : Knack packaging International Pvt. Ltd. Ahmedabad |
| Grand Father | : Kanubhai Kalidas Kansara (Mansa) |
| Father | : Divyang Kanubhai Kansara |
| Occupation | : Insurance Adviser |
| Mother | : Alkaben Divyangbhai Kansara |
| Occupation | : House Wife |
| Brother | : Pulkit D. Kansara (Software Engineer : Unmarried) |
| Address | : D-202, Swagat Status Flats-2, New C.C. Road, Ahmedabad |
| Contact | : +91 94289 55812 |
| Mosal | : Bhargavbhai Mukundbhai Kansara (Visnagar) |
| Dhananjay | : 9904036235, 8160931687 (Ahmedabad) |

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૯૮૯૮૦૩૬૬૩૩૬



# મહિલા સશક્તિકરણ પ્રાચીનકાળથી આધુનિકાળ સુધી

- Article By Advocate Kavita M. Kansara,
B.Com LLB, (Mediatro) DLSA, Surat District

**"ભારતમાં મહિલા સશકિતકરણ-પ્રાચીન કાળથી આજના આધુનિક સમયમાં પરિપેક્ષ્યમાં"**
**'યા દેવી સર્વ ભૂતેષુ શકિત રૂપેણ સંસ્થિતા નમઃ સ્તસ્યે, નમઃ સ્તસ્યે, નમઃ સ્તસ્યે, નમો નમઃ'**

દેવી રૂપે સ્ત્રીને પૂજવાવાળો આપણો આ દેશ જયારે મહિલા સશકિતકરણ બાબતે પગલાઓ લે તો જોવા મળે, ત્યારે પ્રશ્ન થાય કે જે દેશમાં માતૃશરિરને દેવી રૂપ માનવામાં આવતું હતુ, જયાં અર્ધનારેશ્વર સ્વરૂપે સમાન રીતે પૂજાતી સ્ત્રીઓની આરાધના કરવામાં આવતી જયાં ગાર્ગી, સીતા, દ્રોપદી, મહાકાળી જેવી સ્ત્રી શકિતઓ અર્ધમ પર ધર્મના માર્ગને કંડારથી હોય તે દેશમાં સ્ત્રીની આટલી અવગણના કે દૂરદષા શા માટે ? વારંવારના વિદેશી આકાંતાઓના દૂભાવને કારણે સ્ત્રીઓ પોતાનું વર્ચસ્વ ગુમાવતી ગઈ મધ્યકાલીન યુગમાં મુસ્લીમ આક્રમણકારોએ ભારતીય સ્ત્રીઓને ફકત ઉપભોગના સાધન તરીકે શોષીત કરી જેને કારણે સમાજમાં સતીપ્રથા કે જૌહરપ્રથા જેવા દુષણો ઘર કરી ગયા. બાળલગ્ન કરાવી બાળકીને સુરક્ષિત રાખવાના અવિચારી પગલાએ સ્ત્રીઓને ખરાબ સ્વાસ્થ્ય તરફ ધકેલી દીધા. વિધવા વિવાહ પર પ્રતિબંધ અને બાળકીને દૂધપીતી કરવાના કુરીવાજો ઘર કરી ગયા.

આવા દુષણોને કારણે શરૂ થઈ "સ્ત્રી સશકિતકરણની લડાઈ" સમાજમાં પરિવર્તનનો દૌર શરૂ થવા પામ્યો. સ્ત્રી કે જે પ્રાચીન કાળમાં દેવી તરીકે પૂજાતી હતી તેના પુર્નઉત્થાનનો સમાજીક વિચાર શરૂ થયો. રાજારામ મોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, સ્વામી વિવેકાનંદ અને દયાનંદ સરસ્વતી જેવા સુધારાવાદી મહાપુરૂષોએ સ્ત્રીઓના ખોવાયેલા સ્વમાનને ફરી સ્થાપિત કરવાનો માર્ગ બતાવ્યો.

ધીમે-ધીમે સ્ત્રીઓ પોતાની ઓળખાણ મેળવવા જાગૃત બની અને તેને આપણા ભારતીય બંધારણે 'સ્ત્રી સન્માન" ની વિભાવનાને બળ આપ્યું. સ્ત્રી કે જે સમાજને અડધોઅડધ હિસ્સો ધરાવે છે તેના અધિકારો બાબતે બંધારણે કેટલાય પ્રાવધાનો કર્યા છે જે સ્ત્રીઓને મૂળભૂત અધિકારોની ખાત્રી આપે છે. જે પૈકી નીચેના કેટલાક અધિકારો વિશે જાણીએ તો....

**(૧) સમાનતાનો અધિકાર :**

ભારતીય બંધારણનો મુખ્ય ભાગ જેમાં (આર્ટીકલ-૧૫) મુજબ કોઈપણ લીંગ, જાતિ કે ધર્મના ભેદભાવ વગર ભારતના દરેક નાગરીકને સમાનતાનો અધિકાર બક્ષે છે અને આ આર્ટીકલ મુજબ મહિલાઓ જીવનના તમામ તબકકે દરેક ક્ષેત્રમાં સમાન તકો, સમાન વેતન અને સમાન ન્યાયની સાથે સન્માન ગૌરવ જાળવી શકે છે. આ અધિકાર મહિલાઓને તેની સાથે થતાં ભેદભાવના દરેક અવરોધોને પહોંચી વળી પોતાની આકાંક્ષાઓને આગળ વધારવા સશકત બનાવે છે.

**(૨) પ્રતિષ્ઠા અને શિષ્ટાચારનો અધિકાર :**

આ અધિકાર દરેક સ્ત્રી સાથે આદર અને સન્માન સાથે વ્યવહાર કરવાનું સૂચન કરે છે. મહિલાઓ સાથે કોઈપણ પ્રકારના ઉત્પીડન દૂરર્વ્યવહાર કે હિંસાથી રક્ષણ આપે છે, જે સ્ત્રીની ગરીમા નબળી પડે છે. મહિલાઓ માટે કર વગરનું એક સ્વસ્થ્ય વાતાવરણ પુરૂં પાડવું ખુબ જરૂરી છે અને આ અધિકાર સ્ત્રીઓને આવા દૂષણોથી રક્ષણ આપે છે.

**(૩) શિક્ષણનો અધિકાર :**

ભારતીય બંધારણના આર્ટીકલ-૨૧(એ) અંતર્ગત ભારતના કોઈપણ બાળક ભલે પછી તે સ્ત્રી બાળક હોય તેને ૬ થી ૧૪ વર્ષ સુધી મફત શિક્ષણનો પ્રાવધાન આ અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવે છે. અહીં (આર્ટીકલ ૫૧) જે રાજયના માર્ગદર્શક સિદ્ધાંતો સૂચવે છે તેમાં માતા-પિતાને બાળકોમાં છોકરા-છોકરીના ભેદભાવ વગર બાળકના શિક્ષણની વ્યવસ્થા કરવા માટેનું પણ સૂચન કરવામાં આવે છે.

**(૪) ઘરેલૂ હિંસા સામે રક્ષણનો અધિકાર :**

ઘરની અંદર દૂરવ્યવહારનો સામનો કરતી મહિલાઓ માટે કાયદો સુરક્ષા પુરી પાડે છે. સ્ત્રીને કુટુંબના સભ્યો દ્વારા થતાં શારીરિક, માનસિક કે ભાવનાત્મક શોષણ સામે રક્ષણનો અધિકાર આપે છે. આઈ.પી.સી. ની ધારા– ૪૯૮ (એ) આ પ્રકારના શોષણનો ભોગ બનનાર મહિલાને આવી પરિસ્થિતીમાંથી મુકત કરવા જરૂરી કાનૂની અધિકાર પૂરો પાડે છે.

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

**(૫) કાર્યસ્થળ પરના અધિકાર :**

સ્ત્રીઓને પોતે નોકરી કરે વ્યવસાય કરતી હોય તે સ્થળ પર સુરક્ષા આપી સલામત અને પજવણીમુકત વાતાવરણની ખાતરી બંધારણ આપે છે. વળી, સ્ત્રીઓ સમાન કાર્ય માટે સમાન વેતનની અધિકારી છે. દેશ કે સમાજની ઉન્નતી માટે સૌપ્રથમ સ્ત્રીઓની ઉન્નતી થવી જોઈએ તેથી સ્ત્રીઓને આ અધિકાર વિશેષ આપવામાં આવ્યો છે.

ઉપર્યત અધિકારો ઉપરાંત ભરણ-પોષણ, મિલકતમાં સમાન અધિકારો, મેટરનીટી બાબતના અધિકારો તેમજ રાજકીય ક્ષેત્રે અનામતના અધિકારો જેમ કે, હાલમાં સંસદમાં પસાર થયેલ ''નારીશકિત વંદના બીલ'' સ્ત્રીઓને દેશના વિકાસમાં સહભાગી થવા સશકત બનાવી અને સમાન તક આપવી સરાહનીય પગલું કહી શકાય.

ઉપર્યુકત અધિકારો જેવા અધિકારોના રક્ષણ અને પ્રતિપાદન માટે કેટલાક સૂચનો જેમાં

(૧) સ્ત્રીઓએ પોતાની જાતને શિક્ષિત કરી અધિકારો પ્રત્યે સભાન રહેવું જોઈએ.

(૨) જો સ્ત્રીઓને પોતાની સાથે કોઈપણ પ્રકારના ભેદભાવ કે ઉત્પીડન થતું હોય તેમ લાગે તો તેનો સામનો કરવા તેની સામે અવાજ ઉઠાવવો જોઈએ.

(૩) પોતાના અધિકારોના રક્ષણ માટે જરૂર પડે તો કુટુંબ, મિત્રો, એન.જી.ઓ. કે પોલીસની મદદ લેવી જોઈએ જે માટે સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર જેવા કે, ૧૦૦, ૧૮૧ પર ફરિયાદ કરી શકાય છે. આ ઉપરાંત નેશનલ મિશન વોર વુમન ૭૮૨૭૧૭૦૧૭૦-શકિતશાલીની ૧૦:૨–(૦૧) ૨૪૩૭૩૭૩૬, સેન્ટ્રલ સોશ્યલ વેગર પોલીસ નં.૧૦૯૧ અને ૧૨૯૧ જેવા નંબરો પર પોતાની ફરિયાદ કરી શકાય છે.

(૪) અધિકારોના ઉલ્લંઘન બાબતે સંબધિત અધિકારીને જાણ કરો અથવા નજીકના પોલીસ સ્ટેશન કે રાષ્ટ્રીય મહિલા આયોગમાં ફરિયાદ કરી શકાય છે.

(૫) તમારી આસપાસ અન્ય સ્ત્રીનાં અધિકારોનાં હનન વખતે તેને સપોર્ટ કરી. એગનાં પ્રતિકારો માટે તેને માસિક બળ આપી પોગ્ય અધિકારીને માહિતગાર કરો.

ઉપયુકત તમામ ચર્ચા પરથી ફલિત થાય છે કે, ભારત દેશ જે ધરતી ને પણ 'માતૃભૂમિ' કહે છે તે દેશમાં સ્ત્રીઓને એક આગવું સ્થાન આપે છે, પરંતુ સામા પક્ષે સ્ત્રીઓએ પણ સંયમપૂર્વક પોતાનાં અધિકારોનો આનંદ માણવો જોઈએ આપણે જોઈએ છીએ કે, ઘણાં સંજોગોમાં સ્ત્રીઓ પોતાનાં અધિકારોનો દુરઉપયોગ કરતી જોવા મળે છે, સામાવાળી વ્યક્તિને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપતી જોવા મળે છે. જો આમ ને આમ થતું રહે તો સમાજ એક અકલ્પનીય વિકૃતિ તરફ ધકેલાશે. આથી સ્ત્રીઓએ પણ સ્વચ્છંદી બનવા કરતા સ્વાવલંબી, સ્વમાની, આત્મનિર્ભર બની એક આદર્શ સ્ત્રી દાયિત્વને નિભાવવું જોઈએ. તો જ સમાજને આગળ વધારનારી સ્ત્રી શકિત ખરેખર,

**''અનંતનું સર્જન કરનારી,**
**બ્રહ્માંડને એક ધરી પર ટકાવનારી,**
**પોતાનાં સ્વરૂપને રકતથી સિંચનારી,**
**હજારો પિડાઓ વેઠી નવા શ્વાસને જન્મ આપનારી,**
**અસ્તીત્વની લડાઈ ખુદ લડનારી**
**ઉચ્ચ પદની શોભા વધારનારી**
**અને શક્તિ સ્વરૂપે જગતનું નેતૃત્વ કરનારી**
**આદિ અનાદિ શકિત રૂપે સર્વત્ર પુજાશે !!!!''**

અનુ. પેજ નં. ૬ નું ચાલુ

कितनी अच्छी तरह से संभाल लेगी। इसके लिए सम्पूर्ण नारी शक्ति को शिक्षा जैसे अनमोल रतन को धारण करना पड़ेगा।

शिक्षित नारी परिवार बनाती है, परिवार घर बनाता है, घर समाज बनाता है और समाज ही देश बनाता है। इसका सीधा सीधा अर्थ यही है की नारी का योगदान हर जगह है । नारी की क्षमता को नज़रअंदाज करके समाज की कल्पना करना व्यर्थ है । शिक्षा और महिला ससक्तिकरण के बिना परिवार, समाज और देश का विकास नहीं हो सकता । नारी यह जानती है की उसे कब और किस तरह से मुसीबतों से निपटना है।

आज आवश्यकता नारी को अपने नारायणी स्वरूप को पहचानने की वह कोमल है पर कमजोर नहीं है। शक्ति का पुंज है नारी, सृष्टि का मूल है नारी, विकास की धुरी है नारी शक्ति है नारी, भक्ति है नारी हम नारी के उस मातृ स्वरूप की वंदना करते है जो सनातन का प्राणतत्व, जो चराचर जगत मे निवास करने वाले प्राणियों के मन में ज्योति बनकर पूरे जगत की ऊर्जा को प्रकाशित कर रहा है।

**''या देवी सर्वभूतेषु मातृ-रूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ।।''**

શુભેચ્છક : કંસારા મનિષકુમાર ભરતકુમાર (ભરતકુમાર બાબુલાલ) પરિવારના જયશ્રી કૃષ્ણ
ખજાનચીશ્રી - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.



# “નારી અસ્મિતા”

-પ્રીતિ વીરલ ખાખી (લીંબડી)

**“જીંદગીના રંગમંચ પર રિર્હસલ વગર દરેક ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતું ઈશ્વરનું અદ્ભૂત સર્જન એટલે નારી”**

૮ મી માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એવું જાહેર કરાયું પણ શું ખરેખર સ્ત્રી માટે એક દિવસને વિશિષ્ટ બનાવવાથી એનું આ દિવસે સન્માન કરવાથી કે આ દિવસે મેસેજ ગિફ્ટ આપવા પુરતું છે ? ના.. જરાય નહિ.. સ્ત્રીનો દરેક દિવસ ખાસ છે. આ સંસારનું સર્જન થયું ત્યારથી આજ સુધી સ્ત્રી વિશિષ્ટ છે... અવિરત છે... નિરંતર છે... અને સૃષ્ટિના અંત સુધી રહેશે ભલે તે સતયુગ હોય દ્વાપરયુગ હોય કે પછી આજનો કળયુગ હોય. સ્ત્રીએ દરેક યુગમાં પોતાની અસ્મિતા જાળવી રાખવા અથાગ પ્રયત્નો કરી પોતાના અસ્તિત્વને, વ્યકિતત્વને જાળવી રાખવા પ્રતિબધ્ધ રહી છે. એમની આ ઉપલબ્ધિ તેમજ સશકત ભાવનાની ઉજવણી એટલે ‘‘મહિલા દિવસ’’.

સૂર્યની આભા અને જલબિંદુના સુંદર સંયોગથી રચાતુ સાત સાત રંગોમાં વિભાજીત થઈને મનોહર દશ્ય સર્જતુ ઈન્દ્રધનુષ આપણે બધાએ જોયું જ છે. જે વાસ્તવમાં એક શકિતમાંથી સહભૂલ થઈને ઉભરીને નીખરે છે. સ્ત્રી શક્તિનું મહત્વ પણ આવું જ કંઈક દૈદિત્યમાન છે. નારી શકિતનું એક જ કિરણ જયારે સંસારરૂપી જલબિંદુમાંથી વિભાજીત થાય છે ત્યારે નારી શકિતના રંગો તેના વિધિવિધ સ્વરૂપો ઈન્દ્રધનુષની માફક દરેકે દરેક માનવજીવને ઉર્જામય, તેજોમય, વેગમય અને શૌર્યમય બનાવે છે,

૧૯૧૧ થી મનાવવામાં આવતો વિશ્વ મહિલા દિવસ એ તો સાંપ્રત સમયની શોધ છે. પરંતુ પ્રાચીન ભારતીય અસ્મિતા ×શ્રાવણ વદ અમાસ‘ ના દિવસને તો સૈકાઓથી ‘માતૃદિન‘ તરીકે ઉજવતી આવી છે. પશ્ચિમની સંસ્કૃતિ તો ભોગ્યા છે, જયારે આપણી ભારતીય સંસ્કૃતિ પૂજયા છે. આપણે ત્યાં શુભ કાર્યની શરૂઆત કુવારી કન્યાઓના હસ્તે કરવાનો પરંપરાગત ચાલતો આવતો રિવાજ છે. આહા... !!! કેવો હતો એ સમય જયારે ઉદ્ઘોષણા કરવામાં આવતી હતી કે ‘‘यत्र नारियन्तु पुज्यन्ते रमन्ते तत्र देवता । ઋષિકાળ અને વેદાંતકાળમાં મૈત્રેયી, ગાર્ગી, અરૂંધતી, વિશ્વામૈત્રી એ પોતાના વેદવેદાંતના અભ્યાસમાં અપૂર્વ સિધ્ધિઓ હાંસલ કરી હતી. ગૌરવ અને વિનમ્રતા તેમનાં ઉત્તમ ગુણો હતા.

પરંતુ સ્ત્રીની દશા મધ્યયુગમાં કરુણ, ભયંકર, દયાજનક હતી. સ્ત્રીઓ પર અત્યાચારે રાજય જમાવ્યું હતું એક પછી એક વાજિંત્રો એકધારી ઝડપી ગતિએ તાલ આપ્યાં જ કરતાં હતાં. બાળલગ્ન પ્રથા, દિકરીને દૂધ પીતી કરતો રિવાજ, સતીપ્રથા અનેકાનેક જુલમો કેવળ સ્ત્રી જ સહન કરી શકે. ‘‘સ્ત્રી એટલે સહનશીલતાની મૂર્તિ’’ ‘‘સહન કરવું એય છે એક લ્હાણું‘ એવી સમજથી તો જગતનાં ઝેર પી જાણે એ સ્ત્રી’’ મનુ ભગવાને તો એટલે સુધી કહ્યું હતું કે ‘‘न स्त्री स्वातंत्र्यम अर्हति ।’’ આવા અનેક રિવાજો એકધારી ગતિએ તાલ આપતા હતા અને આ તીવ્ર ગતિએ તાલ આપનારું એક માત્ર ડમરું હતું ‘‘ઢોર, ગમાર પશુ ઔર નારી યે સબ તાડન કે અધિકારી’’ અને પછી ડમરું ફૂટ કરતું ફાટયું અને પ્રચંડ વેગથી અવાજ આવ્યો ‘‘नारी नींदा मत करो नारी रतन की खान, नारी मे से नर नीपडे राम - प्रहलाद समान’’ ।

અરે નારી એ તો વાત્સલ્યતાની મૂર્તિ છે. અમીધારાનું સતત વહેતુ ઝરણું છે સમાજ તથા દેશના નિર્માણ તેમજ ઘડતરમાં સ્ત્રીનો ફાળો અમૂલ્ય છે. આથી કહેવાય છે ને કે જે ‘‘કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.’’ બાળક જેટલું બે વર્ષમાં પોતાની માતા પાસેથી શિક્ષણ મેળવે છે તેટલું પોતાના આજીવનકાળ દરમિયાન ગુરૂજનો પાસેથી નથી મેળવી શકતો. કહેવાય છે ને કે ‘‘એક માતા સો શિક્ષકોની ગરજ સારે’’ તો પછી શા માટે સ્ત્રીની બુધ્ધિ પગની પાનીએ ? શા માટે સ્ત્રી અબળા છે ? બીચારી છે ? લાચાર છે ??? અરે... ‘‘સીતા, ગીતા, કુંતાની આ સંસ્કૃતિ અસ્મિતાની આ ભૂમિના કોઈ અબળાની આ શૌર્ય ભૂમિ છે વિરાંગનાની.’’ સ્ત્રીઓની આવી અક્ષમ્ય ઉપેક્ષાના કારણે જ કદાચ આપણો દેશ કન્યા કેળવણીમાં પછાત રહી ગયો.

પરંતુ આજની નારીની વાત કરું તો ઉચ્ચ શિક્ષણ, પોતાની જાત પ્રત્યે સજાગ તેમજ સ્ત્રી સશકિતકરણના ઘણાં કાયદાઓથી વાકેફ થયેલી સ્ત્રી આજ તમામ ક્ષેત્રમાં પોતાના ઓજસના અજવાળા પાથર્યા છે. એક પણ ક્ષેત્ર એવું નથી કે જયાં સ્ત્રીની

**(અનુ. પેજ નં. ૧૫ ઉપર)**

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ



# "સ્ત્રી એટલે"

- ડૉ. નેહા મિહિર કસ્થીયા (વડોદરા)

'જિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર હરેક ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતું ઈશ્વરનું અદ્‌ભૂત સર્જન....!"

વુમન્સ ડે શા માટે ઉજવવાની જરૂર પડે છે ? શું આપણા સમાજમાં સ્ત્રીઓને જોઈએ એવું સ્થાન અને સન્માન નથી મળી રહ્યું ? સ્ત્રી વર્કીંગ વુમન હોય કે ગૃહિણી હો, એ હંમેશા 24X7 કામમાં વ્યસ્ત હોય છે. ગૃહિણી હોય તો ઘરની રસોઈ, ઘરના કામ, ઘરના બધા સભ્યોના ટાઈમ સાચવવા અને તેમની જરૂરિયાતો પૂરી પાડવાની, અને જો વર્કીંગ વુમન હોય તો ઘરના કામ ઉપરાંત નોકરીમાં પોતાની પોસ્ટ અનુરૂપ નું કામ. આમ નોકરી અને ઘર વચ્ચેનું બેલેન્સ જાળવવા માટે એક સ્ત્રી તરફથી અથાગ પ્રયત્નો થઈ રહ્યા હોય છે.

બસ આ જ પ્રયત્નોને બિરદાવવા અને માન આપવા, સ્ત્રીઓને પણ પોતાના અસ્તિત્વનો અહેસાસ કરાવવા માટે, વર્ષમાં એક દિવસ તેમને "સ્પેશીયલ" ફીલ કરાવવા વુમન્સડે ઉજવવામાં આવે છે.

**"વિધાતાના નવ નિર્માણની કળાકૃતિ તુ,**
**એક દિવસ તો તારા અસ્તિત્વની ઉજવણી કરતું."**

નાક, કાન, ગળામાં થતા રોગોમાં સ્ત્રીઓમાં મોટા ભાગે થાઈરોડની બીમારી જોવા મળે છે. લીલો અને સૂકો એમ બે પ્રકારના થાઈરોઈડ જોવા મળે છે. લીલા થાઈરોડમાં વજન વધી જતું, થાક લાગવો, માસિકની અનિયમિતતા, ડીપ્રેશન, મોઢા પર સોજા આવવા, ઊંઘના આવવી, વાળ ખરવા વગેરે જોવા મળે છે. જ્યારે સૂકા થાઈરોઈડમાં વજન ઘટી જવું, ટેન્શન આવવું, હૃદયના ધબકારા વધી જવા, આંખ મોટી થઈ જવી વગેરે જોવા મળે છે. આમાંથી જો કોઈ લક્ષણ જણાય તો થાઈરોઈડના લોહીના રીપોર્ટ કરાવીને તે મુજબ દવાથી સારવાર કરી સમય, અમુક સંજોગોમાં જો થાઈરોઈડની ગાંઠ હોય ગળામાં તો ઓપરેશન કરીને કાઢવું પડે. નાકમાં થતી તકલીફોમાં નાકમાંથી શ્વાસ લેવામાં તકલીફ થતી, મોઢેથી શ્વાસ લેવો, નાકમાંથી વારેઘડી પાણી નીકળવું, છીંક આવવી, માથું દુઃખવું, આવું વારે ઘડી થતું હોય તો નાકનો પડદો વાંકો હોય અતવા નાકમાં મસા થયા હોય, સાયનસની તકલીફ હોય તો એ મુજબ સારવાર કરવી પડે. કાનમાં લોકો મેલ સાફ કરવા (સળી) નાખતા હોય એ કાનમાં અંદર સુધી નાખી દેતા હોય છે, જેના લીધે મેલ અંદર જવાની સંભાવના રહે અને કાનના પડતા અથવા કાનની ચામડીમાં અંદર ઈજા થવાની સંભાવના રહે છે, આથી કાન સાફ કરતી વખતે ખાસ ખ્યાલ  રાખવું અને જરૂર ના હોય તો (સળી)નો ઉપયોગ ના કરવો. બાકી વારે ઘડી ગળું પકડાઈ જતું હોય એ માટે નવસેકા પાણીમાં હળદર, મીઠું નાખીને કોગળા કરવા, ઠંડા પાણી, આઈસ્ક્રીમનું સેવન ઓછું કરવું, તો કાનના ગળાની તકલીફોથી બચી શકાય.

એક ડૉકટર હોવાથી હું હમેશા ઈચ્છીશ કે ભવિષ્યમાં આપણા સમાજને બને એટલી મદદરૂપ થાઉ અને એ માટે તત્પર રહીશ. આપણા સમાજના કોઈપણ વ્યક્તિને કાન, નાક, ગળામાં તકલીફ હોય તો એ મારો સંપર્ક કરી શકે છે. મારા હસબન્ડ કીડની અને્ પેશાબના રોગોના નિષ્ણાંત છે, અગર એ અંગે પણ કોઈ મદદની જરૂર હોય તો એમનો સંપર્ક કરી શકે છે.

છેલ્લે એટલું કહીશ કે,

**"તારી ઉત્તંગ ઉડાન આગળ**
**ગગન પણ ઠીંગણું ભાસે**
**તારી વિશાળ પાંખો હેઠળ**
**આખું વિશ્વ તું વસાવે."**

આપણા સમાજની બહેનો અને દીકરીઓ ખૂબ ખૂબ ભણે, આત્મનિર્ભર બને, પોતાના ઘરને અને સમાજને ઉચું લાવે, દરેક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઉભી કરે અને સફળતા મેળવે તેવી શુભેચ્છા......

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી
સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.



# મહિલાઓના વિકાસ, સન્માન અને સંરક્ષણ વિશે માહિતી

- અન્નપૂર્ણબેન કંસારા (નિવૃત્ત જજ)

નમસ્કાર, જયશ્રી ગોપાલ, જયશ્રી કૃષ્ણ, જય સ્વામિનારાયણ.

**વ્હાલા જ્ઞાતિજનો, વડીલો, ભાઈઓ તથા બહેનો આજરોજ ૦૮ મી માર્ચ વિશ્વ મહીલા દિન વિશે આપણા આ મેગેઝીનમા આપણી જ્ઞાતિની મહીલાઓને પ્રવર્તમાન કાયદાઓ અંગે કાઈક લખવા માટે સમસ્ત કંસારા કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ઉર્મિલાબેન કંસારા (વડોદરા) નાઓએ લખવાનું કહેતા મહિલાઓના વિકાસ, સન્માન અને સંરક્ષણ માટે ભારતમા પ્રવર્તતા કાયદાઓ તથા કાયદાની જાણકારી રજુ કરુ છું.**

હું આ જાણકારી રજુ કરું તે પહેલા મારા વિશે થોડો પરીચય આપતા જણાવું છુ કે, મારુ નામ અન્નપૂર્ણાબેન પુરુષોતમદાસ કંસારા છે. અમારી મુળ વતન ધંધુકા છે, પરંતુ મારા પિતાશ્રી સર્વિસ કરતા હોય અમો ઘણા વરસોથી અમદાવાદ મુકામે રહીએ છે. મારો અભ્યાસ M.A. L.L.B. સુધીનો છે. ૧૯૯૬ મા હું ન્યાયખાતામા જજ તરીકે પસંદગી પામેલ અને ત્યારથી ૧૯૯૬ થી ૨૦૨૧ સુધી ગુજરાત રાજયમા ન્યાયખાતામાં જજ તરીકે કામગીરી કરેલ છે. ૨૦૨૧ મા હું એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ તરીકે વય મર્યાદના કારણે નિવૃત થયેલ, ત્યારબાદ સુરેન્દ્રનગર મુકામે ગ્રાહક સુરક્ષા આયોગમા પ્રમુખ તરીકે ફરજ બજાવું છું.

આપણો ભારત દેશ એ રુષિમુનીઓ અને વેદ પુરાણનો દેશ છે. મનુસ્મૃતિમા નારી માટે એવુ કહેવાયુ છે કે, યત્ર નારીય પુજયન્તે રમન્તે તત્ર દેવતા, એટલે કે, નારીનુ જયાં સન્માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ રહેલો છે. નારી તુ નારાયણી, નારી તુ મહાન, નારી તારી ગૌરવ ગાથા ગાયે દેવો તમામ. નારીના સન્માન માટે આપણા વેદો ઉપનિષદો અને તમામ ગ્રંથોમા ઘણી વાત કરવામા આવેલ છે. પરંતુ સ્ત્રીઓ પર અત્યાચારો થતા રહે છે સમાજ એ પરીવર્તનશીલ છે. આ પરીવર્તન શીલ સમાજમા પણ સ્ત્રીઓ પર અત્યાચારો થતા રહે છે. ભારતને આઝાદ થયાના સાત દાયકાઓ ઉપરાંતનો સમય થવા છતાં સ્ત્રીઓના રક્ષણ, સન્માન અને વિકાસ માટે કાયદાઓ ઘડવાની જરુર શા માટે રહે. ? આમ છતાં સ્ત્રીઓના રક્ષણ, સન્માન અને વિકાસ માટે કાયદાઓ ઘડવામા આવેલ છે. ભારત એ લોકશાહી રાષ્ટ્ર છે, ભારતના બંધારણના આર્ટીકલ ૧૫ મા ધર્મ જાતિ, લિંગ વિગેરે માટે તેના ઉત્કર્ષ માટે તેના રક્ષણ માટે કાયદાઓ બનાવવાની જોગવાઈઓ કરવામા આવેલ છે. ભારતીય દંડ સંહીતા, ક્રિ,પ્રો.કોડ જેવા આધાર સ્તંભ કાયદા તથા કાર્યવાહીમા પણ સ્ત્રીઓના રક્ષણ માટે અને તેના સન્માનને જાળવી રાખવા માટે કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ કરવામા આવેલ છે અને ઘણા કાયદાઓની પણ રચના કરવામા આવેલ છે જેવા કે, સ્ત્રીભૃણ હત્યાનો કાયદો, બાળ વિવાહ પ્રતિબંધ ધારો, સતી પ્રથા નાબુદીનો ધારો, સ્ત્રીઓની ઘરેલુ હીંસા પર પ્રતિબંધ ધારો, ભરણપોષણનો કાયદો, મેડીકલ ટર્મીનેશન એન્ડ પ્રેગનન્સી એકટ, વિગેરે ઘણા કાયદાઓ સ્ત્રીઓના રક્ષણ, સન્માન અને વિકાસ માટે બનાવવામા આવેલ છે. કારણ કે, સ્ત્રી એ પરીવારનુ કેન્દ્ર બિન્દુ છે. સ્ત્રી વગર ઘરની કલ્પના કરવી મુશ્કેલ છે. પરંતુ સમાજમા જાણ અજાણે સ્ત્રીને મામુલી ગણી તેની અવગણના કરવામા આવતી હોય છે. આજે મહિલાઓ ચંદ્ર સુધી પહોચી ગયેલ છે. તેમજ ઘણા ઉચ્ચ હોદ્દાઓ ધરાવે છે. પરંતુ આવી સ્ત્રીઓ કેટલી, હાથના વેઢે આપણે ગણી શકીએ. સ્ત્રીઓના વિકાસમા ઘણી વખત તેનો પરીવાર અથવા તો સમાજ જ આડો આવતો હોય છે. જેથી સ્ત્રીઓનો વિકાસ રુંધાઈ છે પરંતુ આ પરીવાર અને સમાજ શા માટે આડો આવે છે તેનો તમે વિચાર કર્યો છે. ? આ પરીવારના સભ્યો કે તેના સમાજના સભ્યો સ્ત્રીને તેની સલામતી માટે તેને અવરોધ કરતા હોય છે અને તેથી જ કાયદાઓ અને કાયદાની જોગવાઈઓ સ્ત્રીઓના રક્ષણ અને સન્માન માટે કરવામા આવેલ છે. આજના જમાનામા ભણતર એટલે કે, અભ્યાસમા જોઈએ તો દિકરાઓ કરતા દિકરીઓ વધારે ભણેલ છે. પરંતુ આપણા સમાજમા આવી દિકરીઓને બહાર નોકરી કરવા કે કોઈ કામ માટે મોકલવામા ખચકાતા હોય છે. પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો વિશાખા વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાનના ચુકાદામા એવુ પ્રસ્થાપિત કરેલ કે, કામકાજના સ્થળે જાતિય સતામણી અટકાવવા સ્ત્રીઓના રક્ષણ અને તેનુ સન્માન જળવાઈ રહે તે માટે જયાં ૧૦ કે તેથી વધુ વ્યકિતઓ કામ કરતી હોય ત્યાં સમિતીની રચના કરવામા આવશે અને સ્ત્રીઓને તેના

શુભેચ્છક : શ્રી રાજેશભાઈ કંસારા (વિસનગરવાળા) પરિવારના જય શ્રીકૃષ્ણ
શ્રી રવિ એન્જિનીયર્સ : ૨૦૩, હર્ષ એવન્યુ, નવજીવન પ્રેસ રોડ, ઈન્કમટેક્ષ સર્કલ પાસે, અમદાવાદ.

કામકાજના સ્થળે જાતિય સતામણી ન થાય તે અને કામના સ્થળે સારુ વાતાવરણ મળી રહે તે માટે આ ચુકાદામા જોગવાઈ કરવામા આવેલ છે. અને તે આધારે ૨૦૧૩ મા કામકાજના સ્થળે જાતિય સતામણી (અટકાવ પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) કાયદાની રચના પણ કરવામા આવેલ છે. જેથી સ્ત્રીઓના તેના કામકાજના સ્થળે તેની જાતીય સતામણી ન થાય અને સારું વાતાવરણ મળી રહે તે માટે આવા ઘણા કાયદાઓની રચના થયેલ છે તેવી જ રીતે ક્રિ.પ્રો,કોડમા પણ સ્ત્રીઓ માટે કેટલીક અલગ જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે પૈકી તમને બધાને ખ્યાલ જ હશે કે, ભરણપોષણ માટેની ક્રિ.પ્રો.કોડમા જોગવાઈ કરવામા આવેલ છે. ક્રિ.પ્રો.કોડની કલમ ૧૨૫ અન્વયે કોઈપણ પરિણત સ્ત્રીને તેનો પતિ ભરણપોષણથી વંચિત રાખી શકે નહી તેજ રીતે ઘરેલુ હીંસા સબંધિત કેસોમા પરણિત સ્ત્રી ઉપર તેણીનો પતિ કે સાસરીપક્ષના કોઈપણ સભ્યો તેણીને માનસિક રીતે ટોર્ચર કરે નહી અને તેને ખોરાકી પોષાકી તથા રહેવાનુ આવાસ તથા તેને થતા ખર્ચની પણ જોગવાઈ કરવામા આવેલ છે. તે સ્ત્રીઓના રક્ષણ માટે જ છે પરંતુ ઘણી વાર મેઈનટેનન્સ કે શારીરીક કે માનસિક ત્રાસ અંગે કાયદા ધ્વારા આપેલા રક્ષણને સ્ત્રીઓ ધ્વારા તેનો બેફામ ઉપયોગ થયેલ છે જેના કારણે મેરીટલ લાઈફ એટલે કે, કેટકલાય કુટુંબો ભાંગી પડયા છે અને તેને જોડવા માટે પ્રયત્નો કરવા છતાં તેમા કોઈ ચોકકસ પરીણામ મળતુ નથી અને તેથી જયારે સ્ત્રીઓને રક્ષણ માટે થયેલ કાયદાકીય જોગવાઈઓનો જો ઢાલ તરીકે ઉપયોગ કરશે તો પરીવાર તુટતા બંધ થશે. સ્ત્રીઓએ તેનો ઢાલ તરીકે ઉપયોગ કરવાનો છે. આપણે ઉપર જોયુ કે, સ્ત્રી એ પરીવારનુ કેન્દ્ર બિન્દુ છે જો આ કાયદાઓનો સ્ત્રી તલવાર તરીકે ઉપયોગ કરશે તો પરીવારો તુટી જશે. આમ સ્ત્રી એટલે કે, નારી કંઈપણ કરી શકે છે. સ્ત્રીનો સબંધ અનમોલ છે એવુ જરુરી નથી કે, રોશની ચિરાગો સે હોતી હે કુલ નારીયાભી ઘરમે ઉજાલા લા શકતી હૈ. ભારતીય મહીલા સશકત છે પરંતુ સ્ત્રીને પોતાના પર જ વિશ્વાસ નથી અને એટલે જ સમય અને સમજ બન્ને એક સાથે કેળવવાની જરૂર છે, કારણ કે, સમય અને સમજ એક સાથે કોઈક ને જ મળે છે પણ સમય હોય તો સમજણ ન હોય અને સમજણ આવે ત્યારે સમય જતો રહે છે અને તે માટે સાથે મળીને ઘરના પરીવારના લોકોએ અને ખાસ કરીને દિકરીની માતાએ સમય અને સમજણ સાથે મળી રહે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે. આમ કાયદાઓ તો છે જ પરંતુ તેની સાથે સાથે સમય, સમજણ પણ કેળવવાની હોય, ત્યારે જ કાયદાનો સાચા અર્થમા જયાં જરુર હોય ત્યાં ઉપયોગ થઈ શકે. સ્ત્રીઓના રક્ષણ માટે રાજય સ્તરે, જીલ્લા સ્તરે તથા તાલુકા સ્તરે કાનુની સેવા સત્તા મંડળ કાર્યરત છે અને તેમા મહીલાઓને કાનૂની સલાહ સુચન કે કોઈ કાનૂની કાર્યવાહી કરવા માટે મફત વકીલ મેળવવાની પણ જોગવાઈ કરવામા આવેલ છે.

આ માહિતી આપના સુધી સિમીત નહી રાખતા આપના આસપાસના પડોશને કહેશો તો તેઓને પણ મદદરૂપ થશે.

અનુ. પેજ નં. ૧૨ નું ચાલુ

ગેરહાજરી હોય ભલે પછી તે રાજકારણ હોય, રમતગમત હોય ઔદ્યોગિક ક્ષેત્ર કલાક્ષેત્ર સંગીત ક્ષેત્ર અવકાશ ક્ષેત્ર જ કેમ ન હોય નારીઓની સફળતાની ગાથા અકથનીય છે, અગણિત છે, અપાર છે. નારી આજે અડધી વસ્તીનો હિસ્સો છે પરંતુ એક દુઃખની વાત છે કે આજના આધુનિક મોર્ડન યુગમાં પણ માનવ ભાવનાઓનું સ્થાન ધીમે ધીમે સમાપ્ત થઈ રહ્યું છે. સ્ત્રીઓ વિશે ભિન્ન ભિન્ન અવધારણાઓ ઉભી થવા લાગી છે. અમુક સ્ત્રીઓના કારણે મોટા ભાગની સ્ત્રીઓ માનસિક શારીરિક રીતે પીડાય રહી છે. છતાં પણ એ પોતાના અસ્તિત્વને વ્યકિતત્વને ટકાવી રાખવા હાર ન માનતા આવા હિનવૃત્તિ સમાજ સામે અડગ હિમાલય બની પોતાની અસ્મિતા જાળવી રાખે છે.

કૃતજ્ઞતા વ્યકત કરું છું એ પરમાત્માનો કે જેને મારું અસ્તિત્વ સ્ત્રી રૂપી નિર્માણ કર્યુ અભિમાન છે મને મારી ×નારી અસ્મિતા× હોવાનો તેમજ આ દિવસને સ્ત્રી વિશિષ્ટ અંક સમર્પણ કરવાની વિચારધારા સરાહનીય છે.

Each time a woman
Stand up fro herself
Without knowing it
possibly without claiming it
she stand up fro all
"WOMEN"

**અંતમાં એટલું જ કહીશ**

**જે પાત્રમાં ઢાળો ઢળી જશે – જળ છે સ્ત્રી**
**દરેક જીવનમાં ભળી જશે – પળ છે સ્ત્રી**
**જોઈએ છે તેને સ્નેહ અને સન્માન ફકત**
**તે માટે બધાથી લડી જશે. પ્રબળ છે સ્ત્રી**
**છેતરાય ભલે જાય, જાણવા છતાં ભરોસામાં**
**મનને એ તરત કળી જશે – અકળ છે સ્ત્રી**
**મંજિલ તેની ફકત હૃદયના સ્તર પર સંતોષ**
**પ્રેમ આપશે તો મળી જશે – પ્રેમાળ છે સ્ત્રી**
**કોશિશ સદા બધાને ખુશ રાખવાની**
**ભવ્ય રીતે બધાયને જ જીવન ફળી જશે – સફળ છે સ્ત્રી.**



# સ્ત્રીઃ સમાજની સ્વાધીનતા અને સશક્તિરણનો આધાર

- હીરવા ખાખી (રાજકોટ)

कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा। (स्त्रियों में जो कीर्ति, श्री, वाणी, स्मृति, बुद्धि, धृति और क्षमा ये उत्तम गुण हैं ? जिनके आभासमात्र से भी लोग अपने को कृतार्थ मानते हैं वे मैं हूँ।:

કૃષ્ણએ ગીતામાં લખ્યું છે આ કે સ્ત્રીમાં જે કીર્તિ, શ્રી કેત વાણી, સ્મૃતિ, બુદ્ધિ, ધૃતિ અને ક્ષમા છે એ ગુણોમાં મારો વાસ છે. શાસ્ત્રો સતત શક્તિની આરાધના અને સરાહના કરતા આવ્યા છે. ચંડીપાઠમાં માર્કન્ડેય મુની માતાજીને સંબોધીને પ્રશ્ન પૂછે છે - હે મા તમારી આંખોમાં રહેલ અગ્નિને જોઈને જ બધા દાનવો ભસ્મીભૂત થઈ જાય એવી તમારી ક્ષમતા છે તો પછી તમારે હથિયાર ઉઠાવવાનો શ્રમ શું કામ કરવો જોઇએ...!?

પછી પોતે જ ભાવવિભોર થઈને જવાબ પણ લખે છે કે - કદાચ તમારી આંખોમાં એ ક્રોધની અગ્નિની સાથે સાથે માતાની મમતા અને કરુણા પણ છે એટલે જ એને જોઈને દાનવો સળગી નથી જતા. એ બધા તામસી પ્રકૃતિના છે એટલે એ માતૃત્વ કે કરુણાને ઓળખી નથી શકતા અને અહમમુક્ત થઈ નથી શકતા. એટલે જ તમારે હથિયાર ઉઠાવવાનો શ્રમ કરવો પડે છે. અને એમને મારીને પણ તમે એમના પર કરુણા કરો છો એમને મોક્ષ આપીને ક્ષમા કરો છો.

સ્ત્રી એટલે શક્તિ અને સ્ત્રી એટલે પ્રકૃતિ પણ... જ્યારે જ્યારે શક્તિની સાથે સાથે કરુણા દયા મમતા પ્રેમ ક્ષમા માતૃત્વ શ્રૃંગાર મળે ત્યારે એ શક્તિ વિનાશ કરીને પણ નવસર્જન કરતી હોય છે.

સ્વતંત્રતા મળ્યા પછી બાંધ્યા વિના બંધાઈને રહેવું સ્ત્રીત્વ છે. સશક્ત, સમર્થ, નીડર, તર્કશીલ અને સર્વત્ર હોવું એ સ્ત્રીત્વ છે અને સાથે સાથે ઋજુતા, શ્રૃંગાર, પ્રેમનું હોવું પણ સ્ત્રીત્વ જ છે. સાચી શક્તિ - સહનશક્તિ પણ સ્ત્રીત્વ છે અને જરૂર આવ્યે શક્તિપ્રદર્શન કરવું પણ સ્ત્રીત્વ છે એમ કહીએ તો ખોટું નહિં ખરુંને ....!?

એક જગ્યાએ સરસ વાક્ય વાચેલું

**"વાંગમય ચલાવે એ શારદાનું હાસ્ય છે;**
**શિવતાંડવ સમાવે એ પાર્વતીનું લાસ્ય છે."**



# સામાજિક કાર્યોમાં વિશિષ્ટ કામગીરી - પ્રદાન

- સુ.શ્રી. પુર્ણાબેન હેડાવ - જુનાગઢ (મો. નં. ૯૪૨૬૩૭૬૮૪૦)

જુનાગઢ ના વતની સુ.શ્રી પુર્ણાબેન હેડાવ જેઓ શ્રી મારુ કંસારા યુવક મંડળના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી હસમુખભાઈ હેડાવ - પેઈન્ટર તથા શ્રી મારું કંસારા મહિલા મંડળની શરૂઆત કરનાર સભ્યો માંના એક સભ્ય એવા ગંગાસ્વરૂપ શ્રીમતી ઈન્દુબેન હેડાવના ચાર દીકરીઓમાંના ત્રીજા નંબરના દીકરી છે. તેઓ માતા અને નાના ભાઈ કૌશલભાઈ જોડે રહીને પારિવારિક જવાબદારી બખૂબી નિભાવે છે. તેઓ શ્રી મારુ કંસારા મહિલા મંડળના એક્ટિવ કારોબારી સભ્ય છે. કુટુંબની સેવા, જ્ઞાતિની સેવા, સમાજ સેવા તેઓને માતા-પિતા દ્વારા વારસામાં જ મળેલ છે.

તેઓએ B. Com., M.B.A., M.S.W. (સોશયલ વર્કર)નો અભ્યાસ કરેલ છે. ઉપરાંત RCI અને મેલબોર્ન યુનિવર્સિટી સલગ્ન રીહેબીલીટેશન ને લગતો અભ્યાસ કર્યો છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી મેન્ટલ હેલ્થ ડિપાર્ટમેન્ટમાં કામ કરી લોકોના જીવનમાં પ્રકાશ ફેલાવી રહ્યા છે. જૂનાગઢના આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનમાં C.E.O. તરીકે પોતાની ફરજ બજાવે છે. જ્યાં મુખ્યત્વે માનસિક દિવ્યાંગોને સારવાર અને તાલીમ આપી સમાજમાં પુનઃસ્થાપિત કરવાની સ્વનિર્ભર બનાવવાની કામગીરીમાં પોતાનું યોગદાન આપે છે. આ ઉપરાંત રખડતા, ભટકતા, ઘર વિહોણા પાગલ દર્દીઓને સાજા કરી સમાજમાં પાછા ભેળવવાની કામગીરી કરે છે.

તો સાથો સાથ તેઓ લોકોને મૂંઝવતી સમસ્યાઓમાં કાઉન્સેલિંગ, આપઘાત નિવારણ કેન્દ્ર, વ્યસન મુક્તિ કેન્દ્ર, બાળકો, યુવાનો અને મહિલાઓને લગતા વિવિધ કાર્યક્રમો,વિદ્યાર્થીઓને લગતા કાર્યક્રમો, મહિલાઓને સ્વનિર્ભર કરતા કાર્યક્રમો માં પણ જોડાઈ પોતાની આવડત કુશળતાનો સમાજને લાભ આપી સામાજિક કાર્યો કરે છે. તેઓની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવા ઘણી બધી વખત તેઓનું સન્માન પણ થયેલું છે.



# મહિલા સશક્તિકરણ

- નિરાલી ગોરડિયા (વડોદરા)

જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે. આ ઉક્તિને સાર્થક કરતા મહિલા સશક્તિકરણ વિશેની જાણકારી આપતા કહીશ કે મહિલાઓને પસંદગી કરવાની અને તેમના પોતાના જીવનને નિયંત્રિત કરવાની શક્તિ આપવાની પ્રક્રિયા છે, જે તેમને સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં સંપૂર્ણ રીતે ભાગ લેવા સક્ષમ બનાવે છે. તે લિંગ અસમાનતાઓને ઓળખવા અને તેને પડકારવા અને મહિલાઓ માટે સમાજમાં વિકાસ અને યોગદાન માટે સમાન તકો સુનિશ્ચિત કરવા વિશે છે.

"આ કાર્ય માત્ર પુરુષો જ કરી શકે" એવી લિંગ અસમાનતા ને નાબૂદ કરી અને વધુ ન્યાયી અને સમાવિષ્ટ વિધ બનાવવા માટે મહિલાઓનું સશક્તિકરણ મહત્વપૂર્ણ છે. તેમાં સામાજિક અવરોધો અને સ્ટીરિયોટાઇપને તોડી નાખવાનો સમાવેશ થાય છે જે મહિલાઓની સંભવિતતાને મર્યાદિત કરે છે અને તેમની ભૂમિકાઓને મર્યાદિત કરે છે. મહિલા સશક્તિકરણમાં શિક્ષણ, આર્થિક સ્વતંત્રતા, આરોગ્યસંભાળ અને રાજકીય ભાગીદારી સહિતના વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે.

મહિલા સશક્તિકરણમાં શિક્ષણ મુખ્ય ભૂમિકા ભજવે છે. છોકરીઓ અને મહિલાઓને ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચ પૂરી પાડવાથી તેઓ તેમના સપના અને આકાંક્ષાઓને આગળ વધારવા માટે જ્ઞાન, કોશલ્ય અને આત્મવિશ્વાસથી સજ્જ કરે છે. શિક્ષણ મહિલાઓને સામાજિક ધોરણોને પડકારવા, માહિતગાર પસંદગીઓ કરવા અને તેમના પરિવારો અને સમુદાયોમાં યોગદાન આપવા માટે સશક્ત બનાવે છે.

આર્થિક સશક્તિકરણ એ મહિલા સશક્તિકરણનું બીજું મહત્ત્વનું પાસું છે. તેમાં મહિલાઓ માટે સમાન રોજગારની તકો, વાજબી વેતન અને સંસાધનો અને નાણાકીય સેવાઓની પહોંચ સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. જ્યારે મહિલાઓ આર્થિક રીતે સશક્ત બને છે, ત્યારે તેઓ પોતાની જાતને અને તેમના પરિવારને ટેકો આપી શકે છે, આર્થિક વિકાસમાં ફાળો આપી શકે છે અને ગરીબીના ચક્રમાંથી મુક્ત થઈ શકે છે.

હેલ્થકેર એ મહિલા સશક્તિકરણનું આવશ્યક ઘટક છે. મહિલાઓને પ્રજનન સ્વાસ્થ્ય, માતૃત્વ સંભાળ અને કુટુંબ આયોજન સહિત ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ સેવાઓની સુલભતા સુનિશ્ચિત કરવાથી તેમની એકંદર સુખાકારીમાં સુધારો થાય છે અને તેઓને તેમના શરીર અને સ્વાસ્થ્ય વિશે માહિતગાર નિર્ણયો લેવાની મંજૂરી મળે છે. સશક્ત અને સ્વસ્થ મહિલાઓ સમાજમાં વધુ સારી રીતે ભાગ લઈ શકે છે અને તેમના સમુદાયોમાં યોગદાન આપી શકે છે.

મહિલાઓ માટે નિર્ણય લેવાની પ્રક્રિયામાં અવાજ ઉઠાવવા માટે રાજકીય ભાર્ગીદારી નિર્ણાયક છે. મહિલાઓને રાજકારણ નેતૃત્વની ભૂમિકાઓ અને શાસનમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવાથી તેઓને નીતિઓને પ્રભાવિત કરવા અને તેમના માટે મહત્વના મુદ્દાઓની હિમાયત કરવાની શક્તિ મળે છે. મહિલાઓના પરિપ્રેક્ષ્ય અને અનુભવો નિર્ણય લેવાની કોષ્ટકમાં વિવિધતા અને સંતુલન લાવે છે.

મહિલા સશક્તિકરણ એ માત્ર મહિલાઓનો મુદ્દો નથી, તે સામૂહિક જવાબદારી છે, તેને વ્યક્તિઓ, સમુદાયો, સરકારો અને સંસ્થાઓની સક્રિય ભાગીદારી અને સમર્થનની જરૂર છે. પુરૂષો અને છોકરાઓ લિંગના ધોરણોને પડકારવામાં અને લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે સાથી તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

નિષ્કર્ષમાં, મહિલા સશક્તિકરણ એ અવરોધોને ઓળખવા અને તેને દૂર કરવા વિશે છે જે મહિલાઓની સંભવિતતાને મર્યાદિત કરે છે અને તેમને સમાન તકો અને અધિકારો પ્રદાન કરે છે. તે મૂળભૂત માનવ અધિકાર છે અને સકારાત્મક પરિવર્તન માટે ઉત્પ્રેરક છે. મહિલાઓને સશક્તિકરણ કરીને, અમે વધુ સમાન અને સમાવિષ્ટ સમાજનું નિર્માણ કરીએ છીએ દરેક વ્યક્તિ તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચી શકે. ચાલો આપણે મહિલા સશક્તિકરણ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરીએ અને એવી દુનિયાને પ્રોત્સાહન આપીએ જ્યાં લિંગ સમાનતા વાસ્તવિકતા છે.

## નવા આજીવન સભ્યોની યાદી

૧ કંસારા તન્મય નરેન્દ્રભાઈ - ગાંધીનગર

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)



# "દીકરી"


- હર્ષાબેન જી. કાગડા (રાજકોટ)

એમ કહેવાય કે, સુસંસ્કૃતિ માનવના જીવન મુલ્યોને પ્રગટાવી જીવન વ્યવહારમાં ઓતપ્રોત થઈને એક સુંદર "આદર્શ ગૃહ"માં એની અભિવ્યક્તિ સહ પરંપરાગત સંસ્કાર ક્ષમતાનું એક અનોખું જીવન એકમ. એક પરિવારમાં માંગલ્યકારી શક્તિ્ ને સંસ્કારોનું જતનની સાથે સાર્થકતાની હર એક અનુભુતી એટલે "દીકરી", દીકરી સંબંધોને નજીક રાખવાનું કેન્દ્રબિંદુ છે. પરિવારમાં દીકરીથી નજીક કોઈ હોય નહી. જેમ પાણીથી રંગ જુદો ન પડે તેવી હયાતી છે. એમ કહેવાય કે 'દીકરી' મમ્મીની ખરી પણ પપ્પાની પરી". પરિવાર જીવનના કેન્દ્રમાં દીકરી તેની ભાવના સાથે ઘર પરિવારના હર એક સભ્યોને પ્રેમસુત્ર"માં બાંધી રીખે છે. તેના માટે પરિવારના દરેક વ્યક્તિને નાની-મોટી ચિંતા હોય એ સ્વાભાવિક છે. પરિવારમાં વડિલોને દીકરી માટે "મંગલ ભાવના રહેલી જ હોય છે." પરિવારમાં દીકરીનો વિકાસ એ એમ કહેવાય કે "સોળ" સંસ્કારોની વ્યવસ્થા છે. તેમાં "વિવાહ" એ તેરમો સંસ્કાર કહેવાય છે. આ તેર સંસ્કાર કન્યા (દિકરી)ને માતાના ઘેર થયા પછી કન્યાનું ઘર બદલાય છે. તે કન્યા મટીને "વહુ" બને છે. ૧૮ થી ૨૦ વર્ષની ઉંમરે પતિના ઘરમાં પ્રથમ પ્રવેશતી કન્યામાં આવું પરિવર્તન અશક્ય જેવુ લાગે છે. પરંતુ માતાના ઘરે મળેલ સંસ્કારથી પરિવારનું યોગ્ય સંચાલન અને યોગ્ય સંસ્કારની સાથે તેના આવશ્યક ગુણ અને પ્રતિષ્ઠાની જવાબદારીથી ઘરના દરેક સદસ્યોના મન જીતીને પરિવારમાં એક રસ થવાનો પ્રયત્ન કરે છે. આ તેનો વિકાશ એ તેનો 'તેરમો' સંસ્કાર છે. તેને પ્રાધાન્ય આપવાની વાત તેના માટે મહત્વની હોવાથી નવા પરિવારમાં દૂધમાં સાકરની જેમ ભળી જઈને દરેકનું મન જીતી લે છે. પોતાના જન્મકુળના ઉત્તમ સંસ્કારોથી વડીલો સહીત પૂર્ણ પરિવાર. સાસુ, સસરા, નણંદ અને દીયર માટે પોતાની સર્વસ્વ અર્પણ કરીને તેના પોતાના 'પ્રેમસુત્ર'થી પરિવારને સમૃદ્ધ બનાવીને તે જીવન સંસ્કાર ક્ષમતાનું એક અનોખુ જીવન એકમ તેનું જતન અને સંવર્ધન થાય એજ તેના માટે મહત્વનું હોય છે. તેથી જીવન 'ભાર' નહી પણ 'સાર' બની જાય છે. પોતે પરિવારમાં પ્રમુખ થવા કરતા પ્રામાણીક થવુ વધુ સાર. એમ સમજીને પોતાનો પ્રેમ અને સારા વ્યવહારોથી મનમોહક જીવન રંગીન બનાવીને જીવન 'ચંદન' અને 'વંદન' રૂપ ગૃ-હ જીવનનું મધુર સંગીતનું પ્રયોજન કરે છે. તેને જીવનમાં તેનું 'કોમાર્ય' અને 'માતૃત્વ' ને જ પ્રેમાળ દાંપત્ય જીવન સમજીને સદાય 'સર્જક' રહીને દરેક કૃતિઓમાં આનંદમય આદર્શ ગૃહિણીની સાથે 'લક્ષ્મી' બનીને 'ગૌરવ' અને 'ગરીમા'ની સાથે તેનો આત્મ વિશ્વાસથી ગૌરવ અનુભવે છે. અંતમાં એટલું જ કે જીવનમાં ડીગ્રી સહેલાઈથી મલે. પણ સંસ્કારો અને સજ્જનતાની ડીગ્રી સહેલાઈથી મલતી નથી. ડીગ્રી માણસના 'નામ' ને દીપાવે. પણ સદ્ગુણ 'માણસ'ને દીપાવે. તેમ દીકરી પોતાના સદગુણોથી અને સંસ્કારોથી પોતાના પરીવારને દીપાવે છે. દીકરી પરીવાર રૂપી માળાના મણકાનો છૂપો સુતરનો તાર છે તે બહારથી દેખાય નહિ પણ તે માળા રૂપી પરીવારનો આધાર છે.

અંતમાં એટલું જ કે

**પરિવારમાં મહત્તા મોટાની, નાનાની કોઈ કિંમત નહી ।**
**તો ઝરણું મીઠું શા માટે, અને સાગર ખારો શા માટે ॥**





# અષ્ટાંગ યોગ

- જાનકી અંકિત કોટડીઆ (વડોદરા)

આપણા સૌના જીવનમાં અષ્ટાંગ યોગ જ મહત્વની ભૂમિકા ભજવે છે.

**યમ** : સંયમ રાખવો ખરાબ કામ છોડવુ

**નિયમ** : સારા કાર્ય કરવા

**આસન** : શરીર સ્વસ્થ રાખવુ

**પ્રાણાયમ** : શ્વાસ ઉપર સંયમ રાખવુ

**ધારણા** : ધારણા એટલે ચિત્તને કોઈ એક પદાર્થ પર સ્થિર કરી ધ્યાન ધારણ કરવુ.

**ધ્યાન** : ધ્યાન જેના ઉપર કેન્દ્રીત હોય તેનુ ચિંતવુ ચિત્તને સ્થિર કરી લાંબો સમય ટકાવી રાખવુ.

**સમાધિ** : વ્યક્તિને જે અનુકૂળ હોય તે અંગેની સાધના કે અભ્યાસ કરીને પુર્ણ યોગાભ્યાસની શરૂઆત કરવી જોઈએ.

જેવી રીતે ઘરમાં રહેલી કાર, સ્કુટર તથા અન્ય ટી.વી. ફ્રીઝ મશીનની રેગ્યુલર સર્વિસ કરીએ છીએ તો આ તો ખુબજ અમુલ્ય શરીરના અંગો છે જેની કાળજી તો રાખવીજ જોઈએ.

મારો શરૂઆતનો સમય ખુબજ મુશ્કેલ હતો. બે બાળકો સાથે આ બધુ સહેલુ ન હતુ. પરંતુ અશકય પણ ન હોય એ વિચારીને આગળ વધી તો આજે મારી પાસે "ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ" International તથા અન્ય ઘણા 'વર્કશોપ'ના Certificate છે, જે ખુબજ જરૂરી હોય છે,

અને આજે હું ૫ (પાંચ) વર્ષના અનુભવ પછી એક સારા Stage ઉપર આવી ગઈ છુ અને મારા અને મારા પરીવાર માટે ગર્વની લાગણી અનુભવુ છું.

હું સમાજની દરેક બહેનોને એક સંદેશ Message આપવા માગુ છુ કે દરેક બહેનોએ પોતાની આવડત પ્રમાણે તથા રસ પ્રમાણે કાંઈક ને કાંઈક પ્રવૃતિ તો કરવી જ જોઈએ. એ આપણા પોતાના માટે અને આપણા બાળકો માટે ઉપયોગી નિવડશે.

"કરો યોગ રહો નિરોગી"

"યોગ ની વિશેષતારો"

દરેક વ્યકિત એ પોતાના અનુકુળ સમય પ્રમાણે યોગ અભ્યાસ કરવો જોઈએ મહિલાઓ એ તો અવશ્ય યોગ અભ્યાસ કરવો શરીરમાં થતા ફેરફાર (Hromonal Imbalance) ને કારણે શરીર અને મન ઉપર ખોટી અસર થતી હોય છે તો તેને કંટ્રોલ કરવા મા યોગ ખુબજ ઉપયોગી છે.

યોગની મદદથી શારીરીક, માનસિક તથા આર્થિક લાભ થાય છે.

**શારીરીક** : આપણું શરીર સ્વસ્થ રહે છે.

**માનસિક** : આપણું મન પ્રફુલ્લિત રહે છે.

**આર્થિક** : યોગ કરવાથી શરીર અને મન જો સ્વસ્થ અને તંદુરસ્ત હોય તો દવાખાના ના ખોટા ખર્ચ બચી જાય છે.

**'યોગ'** : યોગનો મતલબ થાય છે જોડાણ, જોડાવવુ

"શરીર, મન અને આત્માનુ મિલન" એટલે યોગ

"યોગ કરવાનો યોગ્ય સમય"

– આમ તો યોગ સવારે વહેલા જ કરવા જોઈએ પરંતુ આજની હાડમારી ભરી જીદંગી માં જે સમય અનુકુળ હોય ત્યારે યોગ અભ્યાસ કરવો જોઈએ કાંઈ ન થાય એના કરતા તો ઘણુ સારુ.

– જેવી રીતે ઘરના બારી દરવાજાનુ Oiling કરવુ પડે છે, એવીજ રીતે શરીરના દરેક જોઈન્ટસનુ પણ Oiling કરવુ જ જોઈએ, નહિતો સાંધા જકડાય જાય છે, પાચન શકિત નબળી થઈ જાય છે અને લોહીનુ પરિભ્રમણ થીજી જાય છે, યોગ અભ્યાસ થી આ બધી તકલીફો ધીમે ધીમે દર થઈ શકે છે. દુર'

– નજીકના યોગ કેન્દ્રનો સંપર્ક કરી વહેલાસર સમાન થઈ જઈએ, તો નવી પેઢી પણ ઝડપથી આ બધુ સ્વીકારી લેશે.

– બહારના દેશે તો આપણી સંસ્કૃર્તી ને ઝડપથી અપનાવી લીધી છે તો આપણે પણ આજ થી જ શરૂઆત કરી દઈએ.

– ગામ તથા શહેરના દરેક પાર્ક તથા ગાર્ડનમાં વિના મુલ્યે યોગ શિબિર ચાલે છે, તો અચુક લાભ લેવો.

આપણા સમાજના અગ્રગણ્ય કાર્યકર્તાઓનો હું દિલથી આભાર વ્યકત કરુ છુ તથા વિશેષમાં હું....

"સમગ્ર કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ" ના પ્રમુખ એવા "ઉર્મિલાબેન કંસારા"નો હૃદયપૂર્વક ધન્યવાદ કરૂ છુ. જેમણે આજે મને બે શબ્દ લખવાનો મોકો આપ્યો ૮ માર્ચ.... આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"

એ દિવસે આપણા સમાજની દરેક બહેનોને હું હાકલ (વિનંતી) કરીશ કે એ દિવસથી કોઈક નવ કરવાનો સંકલ્પ કરો અને સમાજને ઉજજવળ બનાવીએ.

**"સૌનો સાથ સૌનો વિકાસ"**



**કંસારા જ્ઞાતિના મુંબઈ સ્થિત મહિલા શ્રીમતી મંદાકિનીબેન નટુભાઈ મેઘાણી**

# એક વિરલ વ્યક્તિત્વ

- સંપાદન : ઉર્મિલાબેન કંસારા – વડોદરા મો. નં : ૯૯૨૫૦૧૨૫૦૯

આમ તો શ્રીમતી મંદાકિની બહેન નટવરલાલ મેઘાણી સાથેના પરિચયગાળાનો સમય બહુ અલ્પ છે. તેમ છતાં તેમણે પ્રાપ્ત કરેલ સિદ્ધિઓથી માહિતગાર હોઈ તે અહીં પ્રસ્તુત કરી, કંસારા સમાજને તેનાથી અવગત કરવાની અને તેમની પ્રવૃત્તિઓમાંથી સમાજની મહિલાઓ પ્રેરણા લઇ શકે તે હેતુથી, તેમના વિષેની પ્રાપ્ત જાણકારી અત્રે રજુ કરું છું.

તેઓ વર્ષોથી મુંબઈ ખાતે બોરીવલી ઈસ્ટમા વસવાટ કરે છે. ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો તેમનો લગાવ અને રૂચી અકલ્પનીય છે. ગુજરાતી સાહિત્ય પ્રત્યેની તેમની સૂઝ, તેમજ તેમના લખાણમાં આવતો ભાષા વૈભવ અને શબ્દો પરની તેમની પકડ પ્રશંસનીય છે, તે બાબત તેમના વિવિધ લેખો અને તેમને મળેલા સન્માનપત્રો પરથી જાણી શકાય છે. તેઓના સાહિત્ય અભિગમમાં તેમના પતિ શ્રી નટવરલાલ મેઘાણી ખુબ જ સહયોગી રહ્યા છે અને પ્રસંગોપાત તેમના પ્રેરણાસ્રોત બની રહ્યા છે. એક ગૃહિણી તરીકે ઘરના તમામ કામકાજમાંથી સમય ફાળવી, સાહિત્ય ક્ષેત્રે તેમનું આવું પ્રદાન / અનુદાન કોઈ પણ ગૃહિણી માટે પ્રેરણારૂપ બની શકે તેમ છે.

૧૯૯૧માં મહિલા પ્રગતી મંડળ – મુંબઈની સ્થાપના થઈ ત્યારથી સમાજની દરેક મીટીંગોમા, વિવધ હરીફાઈઓમાં, નિબંધ લેખન, આરતી ડેકોરેશન, વકૃત્વ સ્પર્ધા, દરેકમાં તેઓ પ્રથમ કે દ્વિતીય સ્થાન પર કાયમ રહ્યા છે. કારગીલ યુદ્ધ બાદ આવેલ નવરાત્રી મહોત્સવમાં હાંડી ડેકોરેશનની સ્પર્ધામાં, હાંડી પર કારગીલ દર્શાવતી હાંડી પર પ્રથમ ઈનામ, પ્રાપ્ત કરેલ, તે બાબતની નોંધ મુંબઈના તત્કાલીન અખબારમાં લેવામાં આવેલ, તે બાબત કંસારા સમાજ માટે ગૌરવની વાત ગણાવી શકાય. મુંબઈના સમાચારપત્ર જન્મભૂમિમાં સન ૨૦૦૯માં "ગાંધી વિચાર મંથન" વિશેના તેમના લેખને પ્રથમ પુરસ્કાર - શ્રીમતી સોનલ પરીખ (ગાંધીજીના પાંચમી પેઢીના પુત્રી)ના વરદ હસ્તે ભારતીય વિદ્યાભવનમાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં આપવામાં આવેલ તથા સન ૨૦૧૩માં મુંબઈ સમાચારમાં "સ્મૃતિની આરપાર" વિષય પર "શ્રેષ્ઠ વિચાર વિજેતા" તરીકે ટ્રોફી અને બુકે દ્વારા તત્કાલીન સંસદ સભ્ય શ્રી સંજય નિરુપમના હસ્તે તેમનું સન્માન કરવામાં આવેલું. આ અંગેની પ્રસિદ્ધિ કંસારા ટાઈમ્સમાં પણ થયેલી. તે ઉપરાંત "ગ્લોબલ વૉર્મિંગ" પરના તેમના એક લેખને 'ગાંધી પીસ સેન્ટર – ઓસ્ટ્રેલીયા દ્વારા સ્પેશ્યલ પ્રાઈઝ અને સર્ટીફીકેટ એનાયત થયેલા. સન ૨૦૧૪માં કંસારા સમાજ – ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંકે સન્માન પત્ર આપી સન્માનિત કરેલા. આ ઉપરાંત શ્રી ગુણવંતભાઈ ડેલાવાળા – પમુખ શ્રી કંસારા સમાજ દ્વારા ચોટીલા મુકામે જે સમ્મેલન રાખવામાં આવેલું તેમાં શ્રીમતી જશુબેનના વરદ હસ્તે નિબંધ સ્પર્ધામાં પારિતોષક આપી તેમનું બહુમાન કરવામાં આવેલ તે પણ તેમની યશકલગીમાં એક વધારાનું મોરપિચ્છ બની રહ્યું. આ સિવાય ગત ૩૧ ડીસેમ્બર ૨૦૨૩ મા મુંબઈ કંસારા જ્ઞાતિ સ્નેહમિલન સમારંભમાં કલા – કૌશલ્ય કેટેગરીમાં શ્રી બટુકભાઈ અને મારી ઉપસ્થિતિમા ટ્રોફી – બુકે એનાયત કરવામાં આવેલ તે તાજેતરની હકીકત છે. તેમજ તે અમૃત મહોત્સવ અંકમાં જ્ઞાતિજનોની વિવિધ ૭૫ વર્ષની કામગીરી બાબત તેમના લેખને સ્થાન પ્રાપ્ત થયું હતું.

ખાસ કરીને કંસારા સમાજમા જે જે વ્યક્તિઓ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરે છે, ત્યારે તે બાબતની જાણકારી મેળવી, તેઓ અંગત રીતે તેઓનો સંપર્ક કરી, તેઓની સિદ્ધિઓને અંગત રીતે બિરદાવી, તેમને અપૂર્વ રીતે પ્રોત્સાહિત કરે છે. અને આવી વ્યક્તિ, જયારે તેમના કોઈ પણ જાતના સંપર્કમાં ન હોય ત્યારે, એક અજાણ બહેન તરફથી મળતો તેમનો આવો પ્રોત્સાહક સંદેશ, તેમના માટે પ્રેરણાસ્રોત બની રહે છે. એ સર્વવિદિત હકીકત છે કે કોઈ પણ માણસના કામની પ્રસિદ્ધિ, તેણે કરેલા કામ કરતા, આવા અણધાર્યા પ્રોત્સાહનથી બેવડાતી હોય છે. પોતાના જ સમાજની એક અજાણ વ્યક્તિ / બહેન દ્વારા કરવામાં આવતું પ્રોત્સાહન, કોઈ સંસ્થા કે જ્ઞાતિસમાજ કરતા પહેલા થતું હોય ત્યારે, તેવું સન્માન વિશેષ મહત્વ ધરાવે છે. કેમકે તેમાં "મારા" પણાનો એક જાતનો લગાવ બની રહે છે.

પાવાગઢ – મહાકાલી મંદિરમાં આપણી જ જ્ઞાતિના કોઈ ભાઈએ એક બેનમુન ઘંટ બનાવીને અર્પણ કરેલો, ત્યારે તે બાબતની જાણ થતા, મંદાકિની બહેને, સૌ પ્રથમ ટેલીફોન કરીને તેમને અભિનંદન આપેલા. તે સિવાય પણ અનેક નામી અનામી કંસારા જ્ઞાતિની પ્રતિભાવંત વ્યક્તિઓને યાદ રાખી અભિનંદન પાઠવી તેઓને ગૌરાન્વિત કર્યાનું પણ મારી જાણમાં છે. સુરેશભાઈ દંગીને (આણંદ) પણ બ્રહ્માકુમારી દ્વારા તેમના શોધનિબંધને સપ્ટેમ્બર ૨૦૨૨ મા સર્વોત્તમ જાહેર કરવામાં થયો કે તરત જ તે માહિતી મળતા તેઓએ ટેલીફોન કરીને તેમને પ્રોત્સાહિત કરેલા તે મારા સ્મરણમાં છે.

આવા મેઘાવી, શ્રીમતી મેઘાણી મંદાકિની બેનનો પરિચય, આગામી કંસારા સમાજના મુખપત્ર "કંસારા ટાઈમ્સ"માં "મહિલા વિશેષાંકમાં" આપી, તેમના વ્યક્તિત્વને સમાજ સમક્ષ રજુ કરી, તેમાંથી જ્ઞાતિજનો ખાસ કરીને સમાજની મહિલાઓ પ્રેરણા લેશે તે હેતુથી, રજુ કરતા ગૌરવ અનુભવું છું.




# નવસારી શ્રી કંસારા સર્વોદય સહકારી ઉદ્યોગ મંડળી લી.

માનનીય સભાસદ ભાઈઓ અને બહેનો,

આપણી મંડળીની આજરોજ મળેલ ૬૫ મી વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત આપ સર્વેનું સન્માન પૂર્વક સ્વાગત છે. સને ૨૦૨૨-૨૩ ના વર્ષનો અહેવાલ સંક્ષેપમાં રજુ કરું છું.

**શેર હોલ્ડર અને સભાસદ સંખ્યા :** વર્ષની શરૂઆતમાં સભાસદ સંખ્યા ૨૩૩ અને શેર ભંડોળ રૂા. ૧,૬૩,૪૭૦ હતું. ચાલુ વર્ષ સભાસદોમાં ૨ અને શેર ભંડોળમાં ૧૦૦૦ નો વધારો થતા વર્ષના અંતે સભાસદની સંખ્યા ૨૩૫ અને શેર ભંડોળ રૂા. ૧,૬૪,૪૭૦ થવા પામ્યું છે. એટલે કે સભાસદની સંખ્યામાં ૦.૮૫% અને શેર ભંડોળમાં ૦.૬૧%નો વધારે થયેલ છે.

**ફિકસ્ડ ડીપોઝીટ :** ગત વર્ષે મંડળીમાં ફિક્સ ડિપોઝીટ રૂા. ૧૪,૩૨,૯૪૪ હતી, વર્ષ દરમ્યાન રૂ.. ૩,૪૨,૩૫૧ નો ઘટાડો થતા વર્ષે આખરે ફિક્સ ડિપોઝીટ ઘટીને ૧૦,૯૦,૫૯૩/- રહેવા પામેલ છે. જે નીચે મુજબ છે.

**મહિલા ગૃહ ઉદ્યોગ :** મંડળીમાં મહિલાઓ દ્વારા ગૃહ ઉદ્યોગની પ્રવૃતિ ચાલે છે. જેમાં વિવિધ પ્રકારના ખાખરા તથા નાસ્તા આઈટમો જેવી કે પુરી, શકરપારા, થેપલા, થેપલી-ખાખરા-ભેલ, પાપડ પૌવા તથા અન્ય આઈટમો બનાવી વેચાણ કરવાનું ચાલુ છે. ગૃહ ઉદ્યોગમાં મંડળીના સભાસદો એવી કુલ ૩૫ મહિલાઓ દૈનિક વેતન ઉપર ફરજ બજાવે છે.

ચાલુ વર્ષ દરમ્યાન ઉત્પાદિત યલે માલનું વેચાણ ૧,૦૦,૭૩,૧૧૦/- ની સામે ખરીદી રૂા. ૩૪,૨૬,૭૩૨/- તેમજ અન્ય ખર્ચ જેવા કે પગાર ૩૭,૬૧,૭૧૭/- ઉત્પાદન ખર્ચા રૂ.. ૧૫,૫૨,૯૯૨/- બાદ કરતા કુલ વેપારી નફો રૂા. ૧૧,૮૧,૦૬૩/- થયેલ છે. જેમાં મંડળીનો વહીવટી ખર્ચ ૮,૧૧,૩૦૮/- બાદ કરતા ચાલુ વર્ષનો ચોખ્ખો નફો ૩,૬૯,૭૫૫/- રહેલ છે. આ નફામાંથી સંચાલક મંડલે નીચે મુજબની ફાળવણી કરવાનું ઠરાવેલ છે. જેને આપ સૌ બહાલી આપશો એવી અપેક્ષા છે.

હું વર્ષ દરમ્યાન આપ સર્વેના સાથ, સહકાર અને સહયોગથી મને સોપવામાં આવેલી જવાબદારી નિભાવી શકયો છું. એ બદલ હું મારા સાથી ભાઈઓ અને બહેનોની ખાસ નોંધ લઉ છુ.

બહેનોની અથાગ મહેનત અને શ્રીમતી નયનાબેન વિજયભાઈ અને નૂતનેબેન પ્રમોદચંદ્ર ના સતત ગત વર્ષમાં મંડળીના વેચાણે ૧,૦૦,૦૦,૦૦૦ રૂા આંક વટાવી દીધો છે. આ કામગીરી પાછળ માર્ગદર્શન અને હાજરીએ ઘણો મહત્વનો ભાગ ભજવ્યો છે.

વિશેષમાં ગત સાધારણ સભામાં સર્વાનુમતે ઠરાવ્યા મુજબ મંડળીમાં સોલાર સિસ્ટમથી પાવર ઉત્પન કરી મંડળીમાં વપરાશ કરાવાનું ઠરાવવામાં આવ્યું હતું આ દરખાસ્ત મંડળીના કમિટી સભ્ય વધાવી લીધી હતી. એમના અતિ દુરંદેશી અને હિમતભર્યા સુચનથી જ આ સોલાર સિસ્ટમ સ્થાપવાનું સ્વપ્ન સાકાર થયું હતુ. આ માટે એમને સમગ્ર સંસ્થા તથા તમામ સભાસદભાઈઓ વતી હું અભિનંદન પાઠવું છુ. આ સમગ્ર પ્રોજેકટનો ખર્ચ રૂા. ૧૬ લાખ થી વધુ થવા જાય છે.

માજી સૈનિક વેલફેર એસોસીયેશન તરફથી આપણી મંડળીની કામગીરી જોઈને અને પ્રભાવિત થઈને સમ્રગ બહેનો અને મંડળીના મહિલા પ્રતિનીધી શ્રીમતી નયનાબેન વિજયભાઈ તથા નૂતનબેન પ્રમોદચંદ્ર કંસારાનું ૧૫ મી ઓગષ્ટના રોજ ધ્વજારોહણના યોજાયેલ સભારંભમાં જાહેર સન્માન કરવામાં આવ્યુ હતુ તે આપણા માટે ગૌરવની વાત કહી શકાય.

આ સાથે શ્રીમતી નયનાબેન વિજયભાઈ કંસારાએ વ્યકિતગત રસ લઈને સંસ્થાને ઉંચાઈ ઉપર લઈ જવા ઘણી જેહમત ઉઠાવી છે જેની પણ આ તબ્કકે નોંધ લઉ છું.

આ તબક્કે સર્વે મારા સાથી કમિટી સભ્યો તથા મંડળીમાં કામ-કાજ કરતાં બહેનો તથા ભાઈઓનો પણ આભાર માનું છું.

મંડળીના કામકાજ અને પ્રતિસાદને ધ્યાનમાં લેતા મંડળીના કામ-કાજમાં ઘણો વધારો થઈ શકે છે. મંડળી સારી એવી સંખ્યામાં રોજી ઉભી કરી શકે છે. પરંતુ વારંવારની જાહેરાત છતાં અમારી પાસે કામ કરનાર બહેનો તથા ભાઈઓની અછત રહે છે. આ તબકકે હું ફરીવાર મંડળીમાં કામ કરવા જોડાવા માટે અપીલ કરૂ છું.

આ સાથે મંડળીના વાર્ષિક અહેવાલ અને હિસાબનો ઉલ્લેખ કર્યો છે. જેની સર્વે ભાઈ-બહેનો એ નોંધ લેવા વિનંતી છે. આ પ્રસંગે શ્રી સુનીલભાઈ કાંતીલાલ કંસારા (C.A.) તથા શ્રી પ્રકાશભાઈ નાનુભાઈ નાયક (હિસાબનીશ), એમના માર્ગદર્શન અને સેવા બદલ તેઓનો આભાર માનું છે.

અંતમાં મંડળીમાં મુકેલ વિશ્વાસ બદલ સૌ ગ્રાહકમિત્રો, સર્વે સભાસદોનો તથા તમામ કમિટી સભ્યો અને કર્મચારી ગણોનો તથા સીધી કે આડકતરી રીતે જોડાયેલા જ્ઞાતિજનો તથા વેપારી વર્ગે જે યોગદાન આપ્યુ છે.તે બદલ આભાર માનું છુ. ભવિષ્યમાં પણ આપ સહુનો સહકાર મળતો રહેશે અને મંડળીની કારકિર્દી વધુ ઉજજવળ બને તેવી અપેક્ષા સાથે વિરમું છે.



NIF Mechanical Works Pvt. Ltd.

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com

અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

**કંસારા મણીલાલ દીયાળજી**
(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

।। जय गौ माता ।। ।। सब का मंगल हो ।।




१००%
शुध्ध और सात्विक धुप

इस धूप से उठा हुवा पवित्र धुवां आप के परिसर को दिव्यता प्रदान करता है। वातावरण शुध्ध करता है। प्राणवायु एवं ग्रह:शांति प्रदान करता है। यज्ञ करने की पवित्र अनुभूति प्रदान होती है।

संपर्क करे : गौ सेवा संस्थान
C/o. गोपाल ग्राफिक्स, महुवा.
दूरभाष : 7041480773

यह धूप गौसेवा हेतुं निर्मित कीया गया है। इसीसे हुई आमदानी गौसेवा में खर्च होगी

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

**Navneet Traders**
**નવનીત ટ્રેડર્સ**

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# લીંબડી ખાતે બજાજ ફાઈનાન્સની ગોલ્ડ લોનની નવી શાખાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

બજાજ ફાઈનાન્સમાં બ્રાન્ચ મેનેજર તરીકે લીંબડીના કંસારા જ્ઞાતિના નવયુવાન **તેજસ મુકુંદરાય ખાખી**ની વરણી કરવામાં આવી.

લીંબડીના શ્રી પ.ભ.વૈ.સ્વ. મુકુંદરાય ભોગીલલા ખાખીના પુત્ર.

નવયુવાન તેજસ ખાખીની બ્રાંચ મેનેજર તરીકે વરણી કરવામાં આવી હતી. જેનું ઉદ્‌ઘાટન ચીફ ગેસ્ટ તરીકે રિજીયોનલ મેનેજર શ્રી દિગ્વિજયસિંહ રાયજાદા, એરિયા મેનેજર શ્રી કેયુરભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું.

તેઓની કારકિર્દીમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય તે હેતુ તેમના પરિવાર, સગા સંબંધી, લીંબડી કંસારા જ્ઞાતિ, લીંબડી કંસારા યુવા ગ્રુપ, અખંડ આનંદ ગ્રુપ, મિત્રો, સંતો મહંતો, દ્વારા ફોન, વોટ્સઅપ, સોશિયલ મિડિયા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**તેજસ ખાખી મો. : ૭૦૧૬૨ ૯૫૮૯૫**

**કંસારા ભોગીલાલ સુખલાલ**

ધનજીભાઈના ચોક સામે, મહાકાળી રોડ, સંઘાડીયા બજાર, લીંબડી-૩૬૩૪૨૧

સહ શુભેચ્છા જયશ્રી ગોપાલ, જયશ્રી કૃષ્ણ





# પરિવારનું ગૌરવ

ચિ. કુમારી કિંજલ પંકજકુમાર કંસારાએ **B-Tech Computer Engineer** ડીગ્રી **9.60 Distinction** સાથે મેળવેલ છે તે બદલ અમારો પરિવાર ગૌરવ અનુભવે છે.

કિંજલ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને જીવનમાં સફળતા પ્રાપ્ત કરે તેવા શુભાશિષ સાથે શુભેચ્છા પાઠવીએ છીએ.

**શુભેચ્છક**

રતીલાલ મંગળદાસ કંસારા (દાદા)
મધુબેન રતીલાલ કંસારા (દાદી)
પંકજ રતીલાલ કંસારા (પિતા)
નીશા પંકજ કંસારા (માતા)

રવિન્દ્ર રતીલાલ કંસારા (કાકા)
આરતી રવિન્દ્ર કંસારા (કાકી)
સ્વાતિ રવિન્દ્ર કંસારા (બહેન)
હાર્દિ પંકજ કંસારા (બહેન)

**ડીસા, જી. બનાસકાંઠા**

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

---

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
**શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર**



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited


Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

---

*Best Quality Gift For All Occassions*
We are also the menu. of wall clocks& wall clock hands



# PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia
Mo.94262 21810

Depak J. Karathia
Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577

www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

---

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436





# Mayur Engineering
**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids
ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr.,
& 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring,
Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

E-mail : mayurengineering179@gmail.com

# લગ્ન વિષયક



| | | |
|---|---|---|
| નામ | : | દર્શન દિપકભાઈ ગોરડીયા |
| સરનામું | : | સી-૬૫, વિમલનાથ સોસાયટી, જૈન દેરાસર પાસે, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. |
| જન્મ તારીખ | : | ૧૦-૦૬-૧૯૯૬ |
| જન્મ સમય | : | ૯-૫૦ (રાત્રીના) |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| ઉંચાઈ | : | ૫'૮'' |
| વજન | : | ૭૦ કિલો |
| અભ્યાસ | : | બી.ઈ. - મિકેનિકલ એન્જિનીયર ઈન ઈન્ડિયા, મિકેનિકલ એન્જિનીયરીંગ એન્ડ મેનેજમેન્ટ (કેનેડા) |
| નોકરી | : | ક્વોલીટી એન્જિનીયર - રોકવેલ ઓટોમેશન કેમ્બ્રિઝ કેનેડા |
| સરનામું | : | કિચનર ઓન્ટારીયો કેનેડા |
| પિતાનું નામ | : | દિપકકુમાર રમણલાલ ગોરડીયા |
| માતાનું નામ | : | મધુબેન દિપકભાઈ ગોરડીયા |
| મોસાળ | : | નટવરલાલ ભોગીલાલ લાલાણી (શિહોર) |
| ભાઈ | : | પુજીત દિપકભાઈ ગોરડીયા (પરણીત) |
| બહેન | : | ક્રિષ્ના ભાવીનકુમાર કંસારા (પરણીત) |
| મોબાઈલ | : | ૯૮૨૫૦૪૮૭૩૪ (કુંદનભાઈ ગોરડીયા)<br>૯૨૭૪૫૪૬૭૬૧ (મધુબેન ગોરડીયા) |

## છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથી



# અ.નિ. વસુબેન જે. કંસારા (ત્રિચી-TN)

**જન્મ : ૧૯૫૦ ●**

**અ.નિ. તા. ૦૬-૦૨-૨૦૧૮**

|| જયશ્રી સ્વામિનારાયણ ||

ઘરમાં રૂમ તો ઘણા હોય,
પણ રોનક ત્યાં જ હોય,
જ્યા માં બેઠી હોય.... ઘરમાં રૂમ તો.....
તુ હતી તો ઘર, ખરેખર ઘર હતું.... માં.
એક મીઠું આંગણ સરોવર હતું..... માં.
સાવ ખાલીખમ હતું, પણ તું હતી તો,
એમ લાગે ખોરડુ પગભર હતું.... માં.
યાતના વચ્ચેમલકતું ને હરખતું,
એ વદન હેતાળને મનોહર હતું.... માં.
ફાયદા નુકસાનનો હિસાબ શાનો,
તારૂ બસ હોવા પણુ સરભર હતુ.... માં.
અશ્રુભીની આંખે, નત મસ્તક, કોટી વંદન.

આપનો સહપરિવારની હાર્દિક સ્મરણાંજલી

|| જયશ્રી સ્વામિનારાયણ ||

આપનો પરિવાર

જસવંત બી. કંસારા (ત્રીચી)
નરેન્દ્ર જે. કંસારા (ત્રીચી)
અશોક જે. કંસારા (ચેનૈ)
જય જે. કંસારા (બેંગલોર)
પાર્થ એચ. ગોરખીયા (અમરેલી)

**સંપર્ક : જશવંત કંસારા : ૯૦૪૨૨૧૩૦૩૧**

## સમસ્ત કંસારા સમાજ શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૧,૦૦૦/- | માવાણી કીર્તીભાઈ શશીકાંતભાઈ - રાજકોટ - નવમાં પરિચય મેળામાં ચિ. રીયાબેનની સગાઈ થતા શુભેચ્છા ભેટ |
| રૂા. ૧,૦૦૦/- | પંકજકુમાર મનહરલાલ બુચ - અમદાવાદ - નવમાં પરિચય મેળામાં ચિ. સ્મિતભાઈની સગાઈ થતા શુભેચ્છા ભેટ. |
| રૂા. ૫૦૧/- | હિતેષ પી. કંસારા - નડિયાદ - ચિ. ધ્વનિ હિતેશભાઈની પુત્રીની સગાઈની શુભેચ્છા ભેટ |
| રૂા. ૫૦૧/- | દિગેશભાઈ પોપટલાલ માવાણી - બોટાદ - ચિ. જિલના શુભ લગ્ન પ્રસંગે ભેટ |
| રૂા. ૫૦૧/- | કલ્પેશભાઈ બાબુલાલ કંસારા - અમદાવાદ - ચિ. હર્ષકુમારના શુભ લગ્ન પ્રસંગે ભેટ. |
| રૂા. ૫૦૧/- | રાજેશભાઈ રતિલાલ કંસારા - રાજકોટ - ચિ. વિવેકકુમારના શુભ લગ્ન પ્રસંગે ભેટ |
| રૂા. ૨૦૦/- | દંગી કિરણ રાજેશભાઈ - વઢવાણ - લગ્નજીવનના ૧૧ વર્ષ પૂરા થયેલ તે પ્રસંગે શુભેચ્છા ભેટ |

## ભાવભર્યું આમંત્રણ
## સમસ્ત કાગડા (કંસારા) પરિવાર

આથી સર્વે કાગડા પરિવારને જણાવાનું કે, સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ-૬ ને રવિવાર, તા. ૧૪-૦૪-૨૦૨૪ ના રોજ દાત્રાણા મુકામે "શ્રી સુરાપુરા દાદા" નો હવન રાખેલ છે. સર્વે કાગડા પરિવારને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

**-: ખાસ નોંધ :-**


આવનાર વૈષ્ણવોએ નીચે મુજબનાં મોબાઈલ નં. પર સંપર્ક કરી વ્યવસ્થામાં સાથ-સહકાર આપવા વિનંતી.

● કાગડા અતુલભાઈ કનૈયાલાલ ●
મો : ૯૯૯૮૮૭૧૫૧૩

● કાગડા રાજેશભાઈ પરસોત્તમદાસ ●
મો : ૮૮૪૯૧૯૩૦૫૦

**-: હવન સ્થળ :-**

મુ. દાત્રાણા, તા. મેંદરડા, જી. જુનાગઢ
(જુનાગઢથી મેંદરડા જતી બસમાં ૨૫ કિમીનાં અંતરે)



સત્ય
પ્રામાણિકતા
વિશ્વાસ
PRESENTS
GOLD-SILVER-PLATINUM
REAL DIAMOND
CUSTOMER SUPPORT : +91 98242 41413
NR ADUMBAR KUVA SONIWAD,GODHRA

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

**Kansara Modler Limited**
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

**World Class Rollers For The Whole World**

**હસમુખ ફર્નિચર મોલ**

કંસારા ભીખાલાલ ત્રીભોવનદાસ પરિવાર (વાંકાનેરવાળા) ના જયશ્રી કૃષ્ણ

હસમુખ ફર્નિચર મોલ
મેગામોલ – ૨, સુરેન્દ્રનગર.
78029 00333

Hasmukh®
Makes Attractive & Durable
Since 1987

હસમુખ ટ્રેડર્સ (Since 1987)
૧૮ - નોબલ ચેમ્બર્સ, ભારત પેટ્રોલ પંપ પાસે,
એસ. ટી. સ્ટેન્ડ રોડ, સુરેન્દ્રનગર.
93745 29222

www.hasmukhfurniture.com com/hasmukhfurniture twitter@hasmukhfurniture.com hasmukhfurnituresnr1987@gmail.com

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦